વર્ષઃ 7 અંકઃ 09

ન્યૂ ઈન્ડિયા

1-15 નવેમ્બર, 2026 (નિઃશુલ્ક)

સમાચાર

દિવાળી વિશેષ

વોકલ ફોર લોકલ

આહ્વાન બન્યું

રાષ્ટ્રના સંસ્કારનું

12 વર્ષ પહેલાં વોકલ ફોર લોકલનું આહ્વાન આજે 140 કરોડ ભારતીયો માટે એક સંસ્કાર બની ગયું છે. માટીના દીવાથી લઈને સેમિકન્ડક્ટર ચિપ સુધી, ખાદીથી લઈને બ્રહ્મોસ મિસાઈલ સુધી, આર્થિક પાયાથી લઈને રાષ્ટ્રીય સુરક્ષા સુધી, એક રાષ્ટ્રના આત્મવિશ્વાસની ગાથા બની ગયા છે...








@ અમને ફોલો કરો @NISPIBIndia


યુનેસ્કોની સંભવિતોની યાદીમાં ભારતમાં પાંચ નવાં સ્થળો

સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસો

યુનેસ્કોની વિશ્વ ધરોહરની સંભવિત યાદીમાં પાંચ ભારતીય સ્થળો, શ્રેણીબદ્ધ અને અનુવાદાત્મક દરખાસ્તો સાથે ઉમેરવામાં આવ્યા છે. આ યાદીમાં ભારતીય સ્થળોની સંખ્યા હવે 78 થઈ ગઈ છે. નવા સ્થળોમાં બાઘના બૌદ્ધ ભીંતચિત્રો અને ગુપ્તકાળની ઉદયગીરી ગુફાઓથી લઈને ચંબલ ખીણના મંદિર સમૂહ, ગિન્નૌરગઢનો આદિવાસી વારસો અને સત્યાગ્રહની વૈશ્વિક યાત્રાનો સમાવેશ થાય છે. આ સ્થળોમાં ભારતનો સમૃદ્ધ સભ્યતગત વારસો અને રાષ્ટ્રીય ઓળખ ઝળકે છે. આ પ્રગતિ ભારતીય વારસાનું જતન કરવા અને તેને વૈશ્વિક મંચ પર રજૂ કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચારને દર્શાવે છે...




સત્યાગ્રહ સ્થળ: તે ભારત અને દક્ષિણ આફ્રિકાને જોડતી સાંકળ માટેનો આંતરરાષ્ટ્રીય પ્રસ્તાવ છે.



બાઘ ગુફા ચિત્રોનાં બૌદ્ધ ભીંતચિત્રો.



ગુપ્તકાળની ઉદયગીરી ગુફાઓ.



ગિન્નૌરગઢનો આદિવાસી વારસો.



ચંબલ ખીણનો મંદિર સમૂહ.

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષ: 7, અંક: 09 | 1-15 નવેમ્બર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
કુલચંદ તિવારી

ડિઝાઈનર
સત્યમ સિંહ
અનિલ કુમાર



13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

અંદરના પાને...



કવર સ્ટોરી
વોકલ ફોર લોકલ

વોકલ ફોર લોકલ
એક આહ્વાન
જોડાયું દરેક ભારતીયનું મન

દિવાળીના ઝગમગતા પ્રકાશની વચ્ચે દેશના વધુ એક અજવાળાની ઉજવણી થઈ રહી છે. તે છે આત્મનિર્ભરતાનું અજવાળું. 'મન કી બાત'માં ગુંજતું 'વોકલ ફોર લોકલ' આહ્વાન માત્ર એક સૂત્ર નથી રહ્યું, પરંતુ જીવનશૈલી બની ગયું છે. આ દિવાળી વિશેષ હોવાનું કારણ એ પણ છે કે, અત્યારે એવો વળાંક આવ્યો છે જ્યાં ભારત પોતાના કારીગરોનાં કૌશલ્યોનું ગૌરવ લઈને 2047ના વિકસિત ભારતનો પાયો નાખી રહ્યું છે. આ દિવાળીએ દરેક દીવો, દરેક ભેટ, દરેક ખરીદી માત્ર પ્રકાશ કે તહેવાર નથી. હવે આ 140 કરોડ ભારતીયોનો સ્વદેશી, આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતનો સંકલ્પ છે... | 14-29

જન સેવાથી રાષ્ટ્ર સેવાનાં 25 વર્ષ

નવા ભારતની સામૂહિક શક્તિનું પ્રતીક



પીએમ મોદીએ પોતાના સંબોધનમાં 'વી વિલ ડૂ ઈટ' (આપણે કરીને જ રહીશું)ને નવા ભારતની સામૂહિક શક્તિનું ગણાવ્યું પ્રતીક | 8-13

ભારતીય પાયલટનું સાહસ

ભારતીયો જીવ લેતા નથી જીવ બચાવે છે



પીએમ મોદીએ વીડિયો કૉલ દ્વારા ભારતીય પાયલટ કેપ્ટન સ્મૃતિ મચ્છરની બહાદુરી અને સમજદારી વિશે વાત કરી અને તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી... | 30-31

સમાચાર સાર | 4-5

MSMEને 10,000 કરોડ રૂપિયાનું ભંડોળ
કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમનું કર્યું વિસ્તરણ | 6-7

ડિજિટલ કનેક્ટિવિટી, ભવિષ્યની નવી દિશા
પીએમ મોદીએ ઈન્ડિયા મોબાઈલ કૉંગ્રેસના 10મા સંસ્કરણમાં સંબોધન આપ્યું | 32-33

જન-કેન્દ્રિત શાસન, સુશાસનની ઓળખ
પીએમ મોદીએ 3 મંત્ર આપ્યા – જન-કેન્દ્રિત વિચાર, સક્રિયતા અને સુશાસન | 34-35

આદિવાસી સમુદાય ઉત્કર્ષ, ગૌરવ ગાન અને ભાવિ પેઢીને પ્રેરણા
પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહાભિયાનનાં ત્રણ વર્ષ | 36-37

પાવર ટુ એમ્પાવર
બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું સંબોધન | 38-39

એશિયન રમતોત્સવ 2026: શાનદાર સફર, યાદગાર સિદ્ધિ
ભારત 21 સુવર્ણ, 27 રજત અને 32 કાંસ્ય ચંદ્રકો સાથે ચોથા ક્રમે | 40-41

લદ્દાખની પ્રગતિ અને વિકાસ સાથે જોડાઈ રહ્યું છે વધુ એક પ્રકરણ
પીએમ મોદીએ 3,350 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું કર્યું ઉદ્ઘાટન | 43

વ્યક્તિત્વ: ડૉ. પદ્માવતી બંદોપાધ્યાય
દેશની પ્રથમ મહિલા એર માર્શલ | 47

શ્રદ્ધાંજલી: અલવિદા નાના પાટેકર | 48



વારસા અને ભવિષ્યની આકાંક્ષાઓ સાથે આગળ વધતું ભારત

પીએમ મોદીએ તમિલનાડુને આપી 13 હજાર કરોડ રૂપિયાથી વધુની ભેટ, મસ્તિષ્ક કેન્દ્ર રાષ્ટ્રને કર્યું સમર્પિત | 44-46

પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

સંપાદકની કલમે ...

આ દિવાળીએ,

ઘર ઝગમગાવીએ સ્વદેશી વસ્તુઓથી

સાદર નમસ્કાર,

તહેવારોના આગમન સાથે, ઘરોમાં ફરી રોનક આવી ગઈ છે. બજારો શણગારવામાં આવી રહ્યા છે અને દરેક પરિવાર તેમની ખરીદીની યાદીઓ તૈયાર કરી રહ્યો છે. યાદ છે બાળપણમાં દિવાળી માટે માટીના દીવા ખરીદવા કેટલા ખાસ હતા? કુંભારના ચાકડામાંથી નીકળતો દરેક દીવો ફક્ત પ્રકાશ નથી ફેલાવતો પરંતુ એક પરિવારની મહેનત અને તેની સાથે જોડાયેલી આશાનું પ્રતીક બનીને પણ આવે છે.

આ વર્ષની દિવાળીનો સંદેશ ખૂબ ખાસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવાનાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે, તેમણે વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે 'વી વિલ ડૂ ઈટ' સંકલ્પ લીધો છે. 2047ના વિકસિત ભારતનો માર્ગ આત્મનિર્ભરતામાં થઈને નીકળે છે અને સ્વદેશી તેનો સૌથી મોટો આધાર છે. 'વોકલ ફોર લોકલ' હવે માત્ર આહ્વાન નથી રહ્યું પરંતુ રોજિંદા વ્યવહારનો એક ભાગ બની ગયું છે.

વિચારો, આપણી નાની એવી ખરીદી કોઈ કારીગરના ઘરમાં દીવો પ્રગટાવી શકે છે. ભેટ એવી હોય, જે ભારતમાં બનેલી હોય. પહેરવેશ એવો હોય, જે ભારતમાં વણાયેલો હોય. સજાવટ એવી હોય, જે સ્વદેશી સામગ્રીથી કરેલી હોય. અને રોશની એવી હોય, જે ભારતમાં બનેલા ઝાલરો અને મીણબત્તીઓથી થતી હોય. જ્યારે તમે સ્વદેશી ચીજો ભેટમાં આપો છો, ત્યારે તમે તમારા પ્રિયજનોને મીઠાશની સાથે સાથે આત્મીયતાની લાગણી પણ આપો છો.

વિકસિત રાષ્ટ્ર બનાવાની દિશામાં આગળ વધી રહેલા ભારત માટે, આપણે તન, મન અને કણ-કણમાં સ્વદેશીતાની ભાવના વિકસાવવાની છે. ચાલો, આ તહેવારમાં આપણે ગૌરવભેર કહીએ, 'આ સ્વદેશી છે.' એક મંત્ર 'વોકલ ફોર લોકલ', એક રસ્તો 'આત્મનિર્ભરતા', એક લક્ષ્ય 'વિકસિત ભારત'. તેથી જ, તહેવારોના આ મહિનામાં, 'વોકલ ફોર લોકલ' આ અંકની કવર સ્ટોરી છે.

આ ઉપરાંત, પ્રધાનમંત્રી મોદીના જનસેવાથી રાષ્ટ્ર સેવાનાં 25 વર્ષ નિમિત્તે વિશેષ વાંચન સામગ્રીને આ અંકમાં સમાવી લીધી છે. વ્યક્તિત્વની કડીમાં, દેશનાં પ્રથમ મહિલા એર માર્શલ, ડૉ. પદ્માવતી બંદોપાધ્યાય, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો અને આખા પખવાડિયામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમો પણ સામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ, મેગેઝિનના ઈનસાઈડ પેજમાં યુનેસ્કો વિશ્વ ધરોહર સંભવિતોની યાદીમાં ઉમેરાયેલા ભારતના 5 નવાં સ્થળો અને પાછળના કવર પેજમાં 12 નવેમ્બરના રોજ ઉજવવામાં આવતા જાહેર સેવા પ્રસારણ દિવસ સંબંધિત વિશેષ વાંચન સામગ્રીને સામેલ કરવામાં આવી છે.

અમને તમારા સૂચનો મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

આપની વાત...





મારી જાતને અપડેટ રાખવામાં ખૂબ જ ઉપયોગી છે ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'નો નિયમિત વાચક છું. આ મેગેઝિન ભારત સરકારની યોજનાઓ, નીતિઓ અને વર્તમાન બાબતો વિશે મને અપડેટ રાખવામાં ખૂબ જ ઉપયોગી છે. આ મેગેઝિન દેશની પ્રગતિ વિશે મારા જ્ઞાનમાં વધારો કરે છે. મને એક જવાબદાર નાગરિક તરીકે વધુ સમજવા અને ભાગ લેવા માટે પ્રેરણા આપે છે.

નિવેશ ગોયલ

goyalnivesh98@gmail.com

હું નવા અંકની આતુરતાથી જોઉં છું રાહ

મને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વાંચવાનું ખૂબ જ ગમે છે. હું નવા અંકની આતુરતાથી રાહ જોઉં છું. દર વખતે જ્યારે હું તેને વાંચું છું, ત્યારે મને ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતા વિશે વધુ શીખવા મળે છે. સાથે જ, આ મેગેઝિન ભારતની વિકાસની ક્ષમતા પર પ્રકાશ પાડે છે. તેમાં બતાવ્યું હોય છે કે, 'વિકસિત ભારત 2047'નું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દેશ દરેક ક્ષેત્રમાં કેવી રીતે ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે.

shivanshchouhan397@gmail.com

વર્તમાન બાબતોની માહિતીનો ઉત્તમ સ્રોત

એક શિક્ષક તરીકે, હું માનું છું કે જરૂરિયાતમંદ અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાનો પ્રયાસ થતો રહેવો જોઈએ. હું નિયમિતપણે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' ડાઉનલોડ કરું છું. સરકારી પહેલો, યોજનાઓ અને વર્તમાન બાબતો વિશે માહિતી પ્રસારિત કરવા માટે આ એક ઉત્તમ માધ્યમ છે. તે "નવા ભારત" માં થઈ રહેલી પ્રગતિ વિશે અસરકારક માહિતી પ્રદાન કરે છે.

પ્રદીપ કુમાર સાહુ

pradeepgrasshopper@gmail.com

વ્યક્તિગત વિકાસ, જ્ઞાન અને કૌશલ્ય વિકાસમાં કરે મદદ

હું નિયમિતપણે ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વાંચું છું. તે જ્ઞાનવર્ધક છે. મને સરકારી વિકાસ કાર્યક્રમો વિશે માહિતી મળે છે. તે મારા વ્યક્તિગત વિકાસ, જ્ઞાન અને કૌશલ્ય વિકાસમાં પણ મદદ કરે છે. મને આ મેગેઝિન વાંચવાનું અને તેમાંથી શીખવાનું ખૂબ જ ગમે છે.

ભાસ્કરસિંહ મહર

bhaskarmahar65@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

સમાચાર સાર

વિકસિત ભારત-જી રામજી હેઠળ થઈ શકશે 375 પ્રકારનાં કામો

વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) અર્થાત્ વીબી-જી રામ જી અધિનિયમ 2025, હવે અગાઉની મનરેગા હેઠળ આવરી લેવામાં આવતા 266 કામોની સરખામણીમાં હવે 375 કામો હાથ ધરી શકાય છે. તેમાં પ્રથમ વખત, 38 વિશેષ કાર્યોની એક નવી શ્રેણી ઉમેરવામાં આવી છે. આ કામો ભારે હવામાન ઘટનાઓ અને આપત્તિ વ્યવસ્થાપનનો સામનો કરવા માટે છે.

ટપક સિંચાઈ, છંટકાવ પ્રણાલી, છત પર વરસાદી પાણીનો સંગ્રહ અને પાણી સંરક્ષણ જેવા નવા પગલાંને પણ જળ સુરક્ષા શ્રેણીમાં સમાવવામાં આવ્યા છે. જળ જીવન મિશનના પાણી પુરવઠા માળખાના સમારકામ અને જાળવણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નવી અનુસૂચિમાં સરકારી ઈમારતોમાં સીડી અને રેમ્પ બનાવવા સહિત, દિવ્યાંગ વ્યક્તિઓ માટે સુલભતા સંબંધિત સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

દરેક વર્ગ માટે કાર્યોને મંજૂરી

નવી અધિસૂચનામાં કૃષિ, ખેડૂતો, નબળા પરિવારો, મહિલાઓ અને ગ્રામીણ યુવાનો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. 181 કાર્યો કૃષિ અને તેની સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ માટે છે, જેમાં 52 વ્યક્તિગત લાભાર્થી કાર્યોનો સમાવેશ થાય છે. એવી જ રીતે, અંત્યોદય અથવા નબળા પરિવારો માટે 107 કાર્યો નિર્ધારિત કરાયા છે. નારી સશક્તિકરણ સંબંધિત 36 કાર્યો અને યુવા સશક્તિકરણ સંબંધિત 10 કાર્યોને પણ સામેલ કરવામાં આવ્યાં છે.





દેશમાં વધુ ઘટશે ગરીબી... વિશ્વ બેંક

વિશ્વ બેંકે ઓક્ટોબરની તેની જાહેર સૂચનામાં જણાવ્યું કે, ભારતે છેલ્લાં દસ વર્ષમાં ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી ગરીબીમાં ઘટાડો કરી રહેલા દેશોમાંથી એક છે. વિશ્વ બેંકે જણાવ્યું છે કે આગળ પર ગરીબીમાં ઘટાડો થવાનું ચાલુ રહેશે. 2026માં ભારતમાં ગરીબી દર 14.2% છે, જે 2029 સુધીમાં ઘટીને 12.1% થવાનો અંદાજ છે.

વિશ્વ બેંક વધુમાં જણાવે છે કે, 2011 અને 2023ની વચ્ચે, આશરે દૈનિક 400 રૂપિયા કરતાં ઓછી આવક ધરાવતા લોકોનો હિસ્સો 57.7% થી ઘટીને 16.1% થયો છે. આશરે 49.6 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત, અત્યંત ગરીબોની ટકાવારી 27.1 થી ઘટીને 2.6 થઈ ગઈ છે. ગરીબીમાં ઘટાડો થવાના મુખ્ય કારણોમાં રોજગારમાં વધારો હોવાનું જાણવા મળ્યું છે, જેમાં ખાસ કરીને મહિલાઓની રોજગારીનું વધુ યોગદાન છે. વધુમાં, સરકાર તરફથી સસ્તા ભાવે ખાદ્યાન્નની ઉપલબ્ધતા અને વપરાશમાં વધારો પણ ગરીબી ઘટાડવામાં સહાયક બની રહ્યા છે.

ભારતની ઉભરતી સુપર કમ્પ્યુટિંગ ઇકોસિસ્ટમ

ડિજિટલ ઈન્ડિયાની સાથે, ભારત ડેટા સેન્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈકોસિસ્ટમને પણ મજબૂત બનાવી રહ્યું છે. આ ઈકોસિસ્ટમ દેશમાં અદ્યતન કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગને વેગ આપી રહી છે. ભારત વિશ્વના લગભગ 20 ટકા ડેટા ઉત્પન્ન કરે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હવામાનની આગાહી અને અવકાશ સંશોધન માટે કમ્પ્યુટિંગ ક્ષમતાઓની જરૂરિયાત છે. આ જ કારણથી, કેન્દ્ર સરકાર સંશોધન સંસ્થાઓમાં સુપર કમ્પ્યુટિંગના ઍક્સેસનું વિસ્તરણ કરી રહી છે. રાષ્ટ્રીય સુપર કમ્પ્યુટિંગ મિશન હેઠળ થઈ રહેલાં કાર્યોના પરિણામે સપ્ટેમ્બર 2026 સુધીમાં ભારત 40 સુપર કમ્પ્યુટર સ્થાપિત કરી ચૂક્યું છે, જેની કુલ ક્ષમતા 68 પેટાફ્લોપ્સ છે. 123થી વધુ પેટાફ્લોપ્સની ક્ષમતાવાળી 50 સિસ્ટમ રાખવાનું લક્ષ્ય છે.





કેન્સરની દવાઓ સસ્તી થશે...

વાર્ષિક 2,500 કરોડ રૂપિયાની બચત થશે

સરકારે બિન-અનુસૂચિત કેન્સર વિરોધી દવાઓ પર પુરવઠા અને વેચાણ માર્જિનને મહત્તમ છૂટક કિંમત (MRP)ના 30% સુધી મર્યાદિત કરવાની મંજૂરી આપી છે. આનાથી કેટલીક દવાઓના ભાવમાં 70% સુધીનો ઘટાડો થવાની અપેક્ષા છે અને પરિણામે વાર્ષિક આશરે રૂપિયા 2,500 કરોડની બચત થશે તેવી આશા છે.

હાલમાં, જરૂરી અનુસૂચિત કેન્સર દવાઓના ભાવને સરકાર નિયંત્રિત કરે છે. હવે આ સૂચિની બહારની કેન્સરની દવાઓ સુધી નિયંત્રણને વિસ્તૃત કરવામાં આવશે. આમાં બ્રાન્ડેડ અને જેનેરિક દવાઓ, દેશમાં ઉત્પાદન થયેલી અને આયાત કરાયેલી, તેમજ પેટન્ટ અને બિન-પેટન્ટ દવાઓનો સમાવેશ કરાશે. સરકારના જણાવ્યા અનુસાર, પુરવઠા શૃંખલામાં આવી દવાઓની કિંમત સરેરાશ 170% સુધી વધી જાય છે, જેમાં કેટલાક કિસ્સામાં 700%થી વધુ વધી જાય છે. 2019માં, 42 બિન-અનુસૂચિત કેન્સરની દવાઓ પર માર્જિન મર્યાદા લાદવાથી 526 બ્રાન્ડની MRPમાં 91% સુધી ઘટાડો થયો હતો. આના પરિણામે દર્દીઓની વાર્ષિક રૂપિયા 984 કરોડની બચત થઈ હતી.

સંચાર સાથીના લીધે જાગૃત થયા નાગરિકો...

અટકાવી 5,000 કરોડ રૂપિયાની છેતરપિંડી

સાયબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડી માટે ટેલિકોમ સંસાધનોના દૂરુપયોગને રોકવા માટે શરૂ કરવામાં આવેલું સંચાર સાથી પોર્ટલ માત્ર જાગૃતિ ફેલાવે છે એવું નથી પરંતુ તેણે રૂપિયા 5,000 કરોડથી વધુની છેતરપિંડી પણ અટકાવી છે. મે 2023માં લોન્ચ કરાયા પછી, સપ્ટેમ્બર 2026 સુધીમાં આ પોર્ટલને 30 કરોડથી વધુ વખત જોવામાં આવ્યું છે. એટલું જ નહીં, 4 કરોડ લોકોએ તેમના નામે મોબાઈલ કનેક્શન વિશે પૂછપરછ કરવા માટે સંપર્ક કર્યો છે.

સામાન્ય નાગરિકો માટે સેવાઓ

- ખોવાયેલા અથવા ચોરાયેલા ફોનઃ બધા નેટવર્ક પર ફોન બ્લૉક અને ટ્રૅક કરી શકાય છે. અત્યાર સુધીમાં 14 લાખથી વધુ હેન્ડસેટ મળી આવ્યા છે.
- તમારા નામે મોબાઈલ કનેક્શનઃ નાગરિકો તેમના નામે કેટલા કનેક્શન ઉપલબ્ધ છે તે જોઈ શકે છે અને અજાણ્યા કનેક્શનની જાણ કરી શકે છે.
- શંકાસ્પદ કૉલ્સ અથવા મેસજઃ ચક્ષુ સુવિધાની મદદથી કપટપૂર્ણ કૉલ્સ, SMS અને વોટ્સએપ મેસેજની જાણ કરી શકાય છે. ■





કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

MSME માટે 10,000 કરોડ રૂપિયાનું ભંડોળ

રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમનું વિસ્તરણ

કેન્દ્રીય મંત્રીમંડળે નાના અને મધ્યમ ઉદ્યોગોમાં પ્રત્યક્ષ ઇક્વિટી રોકાણ માટે SME ગ્રોથ ફંડ સ્થાપિત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેનાથી આ ઉદ્યોગોમાં નવી ઊર્જાનો સંચાર થશે. આ ભંડોળથી ઔદ્યોગિક વિસ્તરણ, ટેકનોલોજી અપનાવવા અને વૈશ્વિક બજારોમાં પહોંચ વધુ મજબૂત બનશે, સાથે સાથે રોજગારીની વધુ તકોનું સર્જન પણ થશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમને આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રાખવા તથા એકીકૃત પરિવહન અને લોજિસ્ટિક્સ સંત્તામંડળની સ્થાપના કરવા સહિતના અન્ય પ્રસ્તાવોને પણ મંજૂરી આપવામાં આવી છે...

નિર્ણય: લઘુ અને મધ્યમ ઉદ્યોગોમાં પ્રત્યક્ષ ઇક્વિટી રોકાણ માટે SME ગ્રોથ ફંડની સ્થાપના માટે રૂપિયા 10,000 કરોડ મંજૂર કરાયા.

અસર: આ પહેલના માધ્યમથી ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા અને સ્પર્ધાત્મક સાહસોની નવી પેઢીને પ્રોત્સાહન આપવાની સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે. ઉચ્ચ વિકાસ દર ધરાવતા લઘુ અને મધ્યમ ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપીને, તે અગ્રણી ઉદ્યોગસાહસિકો બનાવવામાં, ઈનોવેશન-આધારિત ઔદ્યોગિકીકરણને વેગ આપવા અને દેશભરમાં ગુણવત્તાપૂર્ણ રોજગારીની તકોનું સર્જન કરવામાં મદદ કરશે. આ પહેલ 2047 સુધીમાં વિકસિત ભારતના ધ્યેયને આગળ વધારવામાં મુખ્ય સ્તંભ તરીકે કામ કરશે.

- ટિઅર-II અને ટિઅર-III શહેરો સહિત ઔદ્યોગિક સમૂહોમાં રોકાણથી પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને વેગ મળશે.
- સ્થાનિક પુરવઠા શૃંખલાઓને મજબૂતી મળશે અને ઉચ્ચ-ગુણવત્તાવાળી નોકરીઓનું સર્જન થશે.

નિર્ણય: પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં સંશોધન, આયોજન, મૂલ્યાંકન, દેખરેખ અને અસર મૂલ્યાંકનને મજબૂત બનાવવા માટે એકીકૃત પરિવહન અને લોજિસ્ટિક્સ સત્તામંડળ (ITLA) - એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ-સ્થાપના માટે મંજૂરી આપી.

અસર: તેનો ઉદ્દેશ્ય વિવિધ પરિવહન સંબંધિત મંત્રાલયો અને એજન્સીઓમાં વિભાજિત આયોજન અને અમલીકરણથી ઉદ્ભવતા લાંબા ગાળાના પડકારોનો ઉકેલ લાવવાનો છે.

- ITLA દ્વારા મલ્ટી-મોડલ એકીકરણને પ્રોત્સાહન આપીને ભારતમાં પરિવહન સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની કાર્યક્ષમતા, ટકાઉપણું અને અસરકારકતામાં વધારો થવાની અપેક્ષા છે.
- ITLAની સ્થાપના ભારતના વિઝન 2047ને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.
- મલ્ટીમોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવામાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યક્ષમતામાં સુધારો કરવામાં, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં અને ભારતની વૈશ્વિક લોજિસ્ટિક્સ સ્પર્ધાત્મકતામાં વધારો કરવામાં મદદ કરશે.
- ITLA સંશોધન, આયોજન, ડેટા એકીકરણ, પ્રોજેક્ટ દેખરેખ અને મૂલ્યાંકન માટે સંસ્થાકીય ક્ષમતાનું નિર્માણ કરશે.
- ક્ષમતા વિકાસ અને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓને અપનાવવાને સમર્થન આપશે.

મંત્રીમંડળના નિર્ણયો અંગે પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.



નિર્ણય: રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમને પાંચ વર્ષ માટે 2026-27 થી 2030-31 સુધી ચાલુ રાખવાની મંજૂરી.

અસર: પેન્શન માટે લઘુત્તમ દિવ્યાંગતા મર્યાદા 80%થી ઘટાડીને 40% કરવામાં આવી છે, જેનાથી વધુ દિવ્યાંગ વ્યક્તિઓ આ યોજનાનો લાભ મેળવી શકશે.

- હવે દિવ્યાંગ વ્યક્તિઓને જન્મથી જ પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવશે.
- આ ફેરફારો વધુ દિવ્યાંગ વ્યક્તિઓને સામાજિક સુરક્ષાનો લાભો મેળવવા અને પેન્શન યોજનાનો વ્યાપ વધારવામાં સક્ષમ બનાવશે.
- યોજના અને તેની પેટા-યોજનાઓનાં નામ બદલાશે.
- આ માટે કુલ રૂપિયા 53,428 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
- 36 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ 3.20 કરોડ લોકોને લાભ મળશે.
- એવું પણ ફરજિયાત કરાયું છે કે, દિવ્યાંગતા સંબંધિત સહાય હંમેશા અન્ય શ્રેણીઓ માટે આપવામાં આવતી સમકક્ષ યોજનાઓ કરતાં 25 ટકા વધુ હોવી જોઈએ.

મંત્રીમંડળના નિર્ણયો અંગે પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો

નિર્ણય: આશરે 11.40 લાખ રેલવે કર્મચારીઓ માટે 78 દિવસના ઉત્પાદકતા આધારિત બોનસ (PLB) ને મંજૂરી.

અસર: દિવસ-રાત કામ કરતા મહેનતુ કર્મચારીઓ માટે આ દિવાળીની ભેટ છે. કુલ બોનસ 2009.61 કરોડ રૂપિયા આપવામાં આવ્યું છે. દર વર્ષે દુર્ગા પૂજા/દશેરાની રજાઓ પહેલાં પાત્ર રેલવે કર્મચારીઓને PLB ચૂકવવામાં આવે છે.

નિર્ણય: આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિએ IDBI બેંક લિમિટેડના વ્યૂહાત્મક પુનર્ગઠનને મંજૂરી આપી.

અસર: બેંકનો કુલ 60.72% ઇક્વિટી હિસ્સો વ્યૂહાત્મક ખરીદનારને વેચવામાં આવશે. આમાં ભારત સરકારનો 30.48% હિસ્સો અને ભારતીય જીવન વીમા નિગમ (LIC)નો 30.24% હિસ્સો સામેલ છે.

- આ વ્યવહાર પછી, IDBI બેંક લિમિટેડમાં ભારત સરકારનો હિસ્સો 15% અને LICનો હિસ્સો 19% રહેશે.







'વી વિલ ડૂ ઇટ'

નવા ભારતની સામૂહિક શક્તિનું પ્રતીક

ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને ભારતના પ્રધાનમંત્રી સુધી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 25 વર્ષના જાહેર સેવા કાર્યમાં નીતિગત નિર્ણયો, જન કલ્યાણકારી પહેલો, રાષ્ટ્રીય મિશન અને સુધારાઓમાં ઘણા મહત્વપૂર્ણ સીમાચિહ્નો જોવા મળ્યાં છે. આમાં નીતિથી લઈને છેવાડાની વ્યક્તિ સુધી પહોંચ, આત્મનિર્ભરતાથી ટેકનોલોજી સુધી, રાષ્ટ્રીય સુરક્ષાથી સંસ્થાકીય સુધારા સુધીનો સમાવેશ થાય છે. આ જ કારણ છે કે, 6 ઓક્ટોબરના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે તેમનાં 25 વર્ષના સતત અને અટલ નેતૃત્વ બદલ અભિનંદન ઠરાવ પસાર કર્યો હતો. 7 ઓક્ટોબરના રોજ સેવાનાં 25 વર્ષ પૂર્ણ થવાના કાર્યક્રમમાં પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'વી વિલ ડૂ ઇટ' (આપણે કરીને જ રહીશું) સૂત્રને નવા ભારતની સામૂહિક શક્તિનું પ્રતીક ગણાવ્યું હતું...

એક સફર જે 25 વર્ષની જાહેર સેવા, જનતાની વચ્ચે, દેશ માટે અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેના સંકલ્પ અને સમર્પણ સાથે આગળ વધતી ગઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની 25 વર્ષની સેવા દરમિયાન, માત્ર મોટા નિર્ણયો જ લીધા છે એવું નથી પરંતુ નવા વિચારનો પાયો પણ નાખ્યો છે. 7 ઓક્ટોબરના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની 25 વર્ષની યાત્રાને દેશવાસીઓના વિશ્વાસ અને તેમના કાર્યકરોની મહેનતનું સામૂહિક પરિણામ ગણાવી હતી. તેમણે જનશક્તિને પોતાની સૌથી મોટી શક્તિ ગણાવી હતી અને રાષ્ટ્રને નવી ઊર્જા સાથે વિકસિત ભારત માટે તેમના સંકલ્પને આગળ વધારવા આહ્વાન કર્યું હતું.

શ્રી વિનાયક મંદિરમાં પૂજા-અર્ચના

પ્રધાનમંત્રી મોદીએ 7 ઓક્ટોબરની સવારે શ્રી વિનાયક મંદિરમાં પ્રાર્થના કરી અને દેશના 140 કરોડ નાગરિકો માટે પ્રાર્થના કરી હતી. તેમણે પોતાના માટે શક્તિ માંગી હતી જેથી વધુ ઊર્જા સાથે રાષ્ટ્રની સેવા કરી શકે. તેમણે જણાવ્યું હતું કે આજે તેમના હોદ્દા અને તેમની જવાબદારીઓમાં સૌથી મોટું યોગદાન



આજે પણ પોતાને વિદ્યાર્થી માને છે પીએમ મોદી

પ્રધાનમંત્રીએ પોતાના વિદ્યાર્થીકાળનો ઉલ્લેખ કરતા કહ્યું કે, શીખવાની ઈચ્છા તેમના જીવનનો એક ભાગ રહી છે અને તેઓ હજુ પણ પોતાને વિદ્યાર્થી માને છે. તેમણે કહ્યું કે, પાછું વળી જોતાં, તેમના મનમાં ફક્ત કૃતજ્ઞતાનો ભાવ આવે છે. તેમણે કહ્યું કે, જેમણે તેમને જીત અપાવી તેમણે તેમને નમ્ર બનવાનું શીખવ્યું અને જેમણે તેમને નીચે પછાડ્યા તેમણે જ તેમને ફરી ઉભા થવાનું શીખવ્યું. વિરોધે તેમને લોકશાહીની શક્તિ સમજાવી અને દરેક સંકટે તેમની ધીરજની કસોટી કરી.

લોકો તેમજ લાખો કાર્યકરોનો વિશ્વાસ અને મહેનત છે.

સપનાં મોટાં અને હિંમત બુલંદ હોવી જોઈએ

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ગામડાંઓમાં અને ગરીબોના જીવને તેમને શીખવ્યું કે સંસાધનો મર્યાદિત હોઈ શકે છે, પરંતુ સપનાં મોટાં હોવાં જોઈએ અને હિંમત બુલંદ હોવી જોઈએ. તેમણે દેશની સાંસ્કૃતિક પરંપરાઓ અને સ્વયંસેવકોના યોગદાનને પણ વંદન કર્યા હતા. તેમણે કહ્યું કે ભારત માતાની સેવા કરવાના સંકલ્પ સાથે કામ કરતા કરોડો સ્વયંસેવકો અને કાર્યકરોનો સહયોગ તેમની યાત્રામાં એક મોટી તાકાત રહ્યો છે.

‘We Will Do It’

પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં ‘We Will Do It’ને નવા ભારતની સામૂહિક શક્તિના પ્રતીક તરીકે વર્ણવ્યું. તેમણે કહ્યું કે, વિકસિત ભારતનું લક્ષ્ય ફક્ત યાદ રાખવા પૂરતી વાત નથી, પરંતુ સંકલ્પોને પુનર્જીવિત કરવાની તક છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ જાહેર જીવનમાં તેમની 25 વર્ષની યાત્રાને વ્યક્તિગત મહિમા તરીકે જોતા નથી. તેમના માટે, જીવનનો હેતુ પદ કે રાજકીય મહત્વાકાંક્ષા નથી, પરંતુ એક મિશન છે.

> ***જેમણે મને જીત અપાવી... તેમણે મને નમ્ર બનવાનું શીખવ્યું. જેમણે મને પછાડ્યો... તેમણે મને ફરી ઉભા થવાનું શીખવ્યું. જેમણે મને સાથ આપ્યો... તેમણે મને વિશ્વાસની શક્તિ બતાવી. જેમણે મારો વિરોધ કર્યો... તેમણે મને લોકશાહીની શક્તિ સમજાવી.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



મંત્રીમંડળે પસાર કર્યો 25 વર્ષના અવિરત, અખંડ નેતૃત્વ બદલ અભિનંદન પાઠવતો ઠરાવ

કેન્દ્રીય મંત્રીમંડળે 6 ઓક્ટોબરના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકે 25 વર્ષ અવિરત નેતૃત્વ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવતો ઠરાવ પસાર કર્યો. આ માત્ર ઔપચારિક સન્માન નહોતું પરંતુ તેનાથી ઘણું વિશેષ, રાષ્ટ્ર પ્રથમ અને નાગરિક પ્રથમના સિદ્ધાંતોથી સંચાલિત પ્રધાનમંત્રી મોદીની અસામાન્ય યાત્રાનો ઉત્સવ છે. ગુજરાતમાં તેમને ત્રણ વખત મળેલો પ્રચંડ જનાદેશ અને સતત ત્રણ લોકસભા ચૂંટણીમાં તેમને મળેલું સમર્થન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીમાં લોકોના અતૂટ વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. વાંચો ઠરાવના મુખ્ય અંશો...

આ દસ મુખ્ય વિશેષતાઓ ગુજરાત અને સમગ્ર ભારતમાં તેમના નેતૃત્વને જોડતા અખંડ સૂત્રને દર્શાવે છે.

1. ગુજરાતથી ભારત સુધી વિકાસના દૃષ્ટિકોણનું વિસ્તરણ

ઠરાવમાં પ્રધાનમંત્રી મોદી ગુજરાતની સફળ પહેલોને રાષ્ટ્રીય સ્તરે કેવી રીતે લઈ ગયા તે બતાવ્યું છે. સ્વાગત (SWAGAT) પહેલ, જેના દ્વારા તેમણે નાગરિકોની ફરિયાદો વ્યક્તિગત રીતે સાંભળી, તેને 2010માં સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા પુરસ્કાર મળ્યો. આ પહેલ પરથી બાદમાં પ્રગતિ (PRAGATI)ની પ્રેરણા મળી, જેણે અટકેલી પરિયોજનાઓની સમીક્ષા કરવા, અવરોધો દૂર કરવા અને તેમની પૂર્ણતાને ઝડપી બનાવવા માટે સરકારોને એકજૂથ લાવી. તેવી જ રીતે, કૃષિ માટે જ્યોતિગ્રામની અલગ વીજ લાઈનો એક રાષ્ટ્રીય અભિગમ બની અને ગુજરાતનો અનુભવ સમગ્ર ભારતમાં ફેલાયો.

2. ગરીબો પ્રત્યેની કરુણાએ વ્યાપક સ્તરે સન્માનનું સ્વરૂપ લીધું

પ્રધાનમંત્રી મોદીની ગરીબી પ્રત્યે સંવેદનશીલતા તેમની માતાને રોજિંદા મુશ્કેલીઓ સામે સંઘર્ષ કરતા જોવાથી અને તેમની મુસાફરી દરમિયાન અભાવનો સામનો કરવાથી આવી. આ ઠરાવ આ અનુભવોને આવાસ,

જનશક્તિના બળ પર ગુજરાતે વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના અનુભવોને યાદ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારે તેમની પાસે તે સમયે લાંબો શાસન અનુભવ ન હતો, પરંતુ લોકોમાં વિશ્વાસ હતો. તેમણે નિર્ણય લેવા, નીતિ ઘડવા અને અમલીકરણમાં જનતાને સાથે રાખીને પોતાની કાર્યશૈલીનો આધાર બનાવ્યો. આ જનશક્તિના બળે જ ગુજરાતે વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે 2014માં, તેમને દેશના પ્રધાનમંત્રી તરીકે

પાણી, બેંકિંગ અને આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડતા કાર્યક્રમો સાથે જોડે છે. લગભગ 60 કરોડ જન ધન ખાતા, 4 કરોડથી વધુ પાક્કાં ઘરો અને 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવાથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિગત સમજણ કેવી રીતે જાહેર કાર્યવાહીમાં પરિવર્તિત થઈ છે.

3. સશક્તિકરણથી સમાજના તમામ ક્ષેત્રોમાં તકો ખુલી

આ ઠરાવમાં લોકોને તેમનું ભવિષ્ય ઘડવામાં મદદ કરવાની પ્રધાનમંત્રી મોદીની પ્રતિબદ્ધતા સ્પષ્ટ દેખાય છે. લગભગ 3.5 કરોડ મહિલાઓ લખપતિ દીદી બની, જ્યારે નારી શક્તિ વંદન અધિનિયમ હેઠળ મહિલાઓ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. સ્ટાર્ટઅપ, કૌશલ્ય વિકાસ અને શિક્ષણ સુધારાઓએ યુવાનો માટે તકોનું સર્જન કર્યું. પીએમ-કિસાન યોજના અંતર્ગત રૂપિયા 4 લાખ કરોડથી વધુ રકમ સીધી ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરી, જ્યારે પીએમ-જનમન યોજનાથી ખાસ કરીને નબળા આદિવાસી સમુદાયોને લક્ષિત સહાય પૂરી પાડી, જેથી ઐતિહાસિક રીતે વંચિત સમુદાયો સુધી વિકાસનું વિસ્તરણ થયું.

4. સુધારા માટે અડગ પ્રતિબદ્ધતા

આ ઠરાવમાં રાજકીય જોખમો હોવા છતાં સુધારાઓને આગળ વધારવા માટે પ્રધાનમંત્રી મોદીની તત્પરતા પર ભાર મૂક્યો છે. GST, કલ્યાણકારી વિતરણમાં સુધારા અને વસાહતી કાયદાઓને બદલવા જેવા લાંબા ગાળાના પડકારોને ઉકેલવા માટેના તેમના દૃઢ નિશ્ચયને બતાવ્યો છે. સ્વચ્છતા, ડિજિટલ ચુકવણીઓ અને સ્થાનિક ઉત્પાદનો પ્રત્યેની તેમની અપીલોએ નાગરિકોને પરિવર્તન સ્વીકારવાની પ્રેરણા આપી.

5. આત્મનિર્ભર ભારતના પાયાનું નિર્માણ

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, જાહેર મૂડી ખર્ચ 2 લાખ કરોડ રૂપિયાથી વધીને 12 લાખ કરોડ રૂપિયા કરતાં વધુ થઈ ગયો. ધોરીમાર્ગોનું વિક્રમી વિસ્તરણ અને લગભગ 100% રેલવે વિદ્યુતીકરણ પણ થયું. ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન આશરે 2 લાખ કરોડ રૂપિયાથી વધીને 13 લાખ કરોડ રૂપિયા કરતાં વધુ થયું. સંરક્ષણ ઉત્પાદન અને સેમિકન્ડક્ટર વિનિર્માણ ભારતની જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતાને મજબૂત કરવાનો તેમનો દૃઢ સંકલ્પ બતાવે છે.

6. ટેકનોલોજીથી રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાનું વિસ્તરણ

પ્રધાન મોદીનો ટેકનોલોજીમાં ભરોસો રોજિંદા સેવાઓ અને વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓમાં સ્પષ્ટ દેખાય છે. જન ધન, આધાર અને મોબાઈલ કનેક્ટિવિટીએ કલ્યાણકારી યોજનાઓના વિતરણમાં સુધારો કર્યો, જ્યારે UPI એ ચુકવણી પ્રણાલીમાં પરિવર્તન લાવી દીધું. ભારતમાં કોવિડ-19 રસીઓ તૈયાર કરવી અને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ચંદ્રયાન-3નું ઉતરાણ પ્રધાનમંત્રી મોદીના વૈજ્ઞાનિકરૂપે સક્ષમ, સ્વાવલંબી અને આત્મનિર્ભર ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

7. મુશ્કેલ સમયમાં મજબૂત નેતૃત્વ

આ ઠરાવ વૈશ્વિક ઉથલપાથલમાંથી ભારતને બહાર કાઢવાની પ્રધાનમંત્રી મોદીની ક્ષમતા બતાવે છે. કોવિડ-19 દરમિયાન, તેમણે રાષ્ટ્રને એકજૂથ કર્યું, ઘરેલું રસીઓના વિકાસને સમર્થન આપ્યું અને ઝડપી રસીકરણ શક્ય બનાવ્યું. પશ્ચિમ એશિયામાં સંકટ દરમિયાન, સમયસર નિર્ણયો અને ઊર્જા સુરક્ષા સંબંધિત નિર્ણયોએ ભારતને અવરોધોનો સામનો કરવામાં મદદ કરી.

8. નિર્ણાયક નેતૃત્વથી શાંતિ અને આત્મવિશ્વાસ સુનિશ્ચિત થયા

2016ની સર્જિકલ સ્ટ્રાઈક, 2019ની બાલાકોટ એર સ્ટ્રાઈક અને 2025માં ઓપરેશન સિંદૂર પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ સ્થાપિત રાષ્ટ્રીય સુરક્ષાની વ્યૂહાત્મક સીમાઓ બતાવે છે. ઠરાવમાં આને કલમ 370 નાબૂદી, વન રેન્ક વન પેન્શન અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદની રચના સાથે જોડાયેલી છે. માઓવાદી આતંકવાદ સામે કાર્યવાહી અને પૂર્વોત્તરમાં શાંતિ પ્રયાસોથી એવું નેતૃત્વ જોવા મળે છે જે રાષ્ટ્રીય સંકલ્પને વિકાસ, સ્થિરતા અને જાહેર વિશ્વાસ સાથે જોડે છે.

સેવા આપવાની તક મળી. તે સમયે, દેશ આર્થિક પડકારો, મોંઘવારી અને નિરાશાનો સામનો કરી રહ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમણે ફરી એકવાર જનશક્તિનું આહ્વાન કર્યું અને 'We Will Do It'નો વિશ્વાસ જગાડ્યો.

આજે રિફોર્મની ગતિની ચર્ચા

પ્રધાનમંત્રી મોદીએ વિતેલા વર્ષોમાં ભારતના અર્થતંત્ર, વિનિર્માણ, નિકાસ, મોબાઈલ ઉત્પાદન અને સૌર ઊર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, જ્યારે અગાઉ, સંકટના સમયમાં,



9. વૈશ્વિક મંચ પર ભારતનો વધતો પ્રભાવ અને મહત્વ

આ ઠરાવ ભારતની વધતી જતી પ્રતિષ્ઠાને પ્રધાનમંત્રી મોદીની વિવિધ મતભેદો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાની ક્ષમતા સાથે જોડી છે. G20 અને બ્રિક્સ સંમેલનમાં સર્વસંમતિ મેળવવી, વિકાસશીલ અને પાછળ રહી ગયેલા દેશોનાં હિતોને ટેકો આપવો અને G20માં આફ્રિકન સંઘનો સમાવેશ તેમના રાજદ્વારી નેતૃત્વને બતાવે છે. રસી મૈત્રી અભિયાન બતાવે છે કે ભારતની ક્ષમતાઓ અન્ય લોકો માટે કેવી રીતે ઉપયોગી થઈ શકે છે. પ્રધાનમંત્રી મોદીને 36 દેશો તરફથી મળેલા આંતરરાષ્ટ્રીય સન્માન, સહિયારા ઉકેલોમાં ભારતના વધતા પ્રભાવ અને યોગદાનને દર્શાવે છે.

10. પ્રગતિને વારસો અને જવાબદારીની શક્તિ મળે છે

વિકાસ માટે પ્રધાનમંત્રી મોદીની દૂરંદેશી સાંસ્કૃતિક આત્મવિશ્વાસ અને પર્યાવરણીય જવાબદારીને જોડે છે. ગુજરાતના આબોહવા પરિવર્તન સંબંધિત કાર્યો માટે સમર્પિત વિભાગથી લઈને નવીનીકરણીય ઊર્જા વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી સુધી, પ્રગતિ થઈ છે. યોગ, બરછટ ધાન્ય, કાશી વિશ્વનાથ ધામ અને રામલલ્લાની મૂર્તિ સ્થાપનાએ ભારતના વારસા સાથેના જોડાણને વધુ મજબૂત બનાવ્યું છે.

મંત્રીમંડળનો ઠરાવ શબ્દશઃ વાંચવા માટે QR કોડ સ્કેન કરો.

ભારતીય અર્થતંત્રની નબળાઈની ચર્ચા કરવામાં આવતી હતી, ત્યારે આજે ભારતની સ્થિતિસ્થાપકતાની ચર્ચા થાય છે. કૃષિ ક્ષેત્રનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે 2015 થી 2025ના દાયકામાં કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

સુશાસનનો પાયો - 'સબકા સાથ, સબકા વિકાસ'

પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'સબકા સાથ, સબકા વિકાસ' તેમના માટે સુશાસનનો પાયો છે. સુશાસનને 'સંતૃપ્તિ' સાથે જોડતા તેમણે કહ્યું કે, તેનો અર્થ એવો છે કે દરેક પાત્ર લાભાર્થી સુધી યોજનાનો લાભ પહોંચે, કોઈ પાછળ ન રહી જાય અને કોઈના હકોનું ઉલ્લંઘન ન થાય.

યુવાનો ભારતની સૌથી મોટી તાકાત

પ્રધાનમંત્રી મોદીએ પ્રવાસન, શિક્ષણ, મનોરંજન, આરોગ્ય અને સુખાકારી, રમતગમત, ઈનોવેશન અને ટેકનોલોજીમાં ભારતને વૈશ્વિક અગ્રણી બનાવવાનું

સુશાસનનાં 25 વર્ષ

રાષ્ટ્રપતિ, વૈશ્વિક નેતાઓ અને સહયોગીઓ દ્વારા પ્રશંસા

વૈશ્વિક નેતાઓએ 7 ઓક્ટોબર 2026ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકેના તેમનો ઐતિહાસિક 25 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થવા બદલ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા. પહેલી વખત, 2001માં ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ 2014માં ભારતના પ્રધાનમંત્રી તરીકે તેમણે 25 વર્ષ પૂર્ણ કર્યા તે પ્રસંગે, વૈશ્વિક નેતાઓએ તેમના પરિવર્તનકારી નેતૃત્વ, સુશાસન પ્રત્યે સમર્પણ અને વૈશ્વિક શાંતિ, સમાવેશીતા તેમજ ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના સંદેશમાં કહ્યું કે, આ નોંધપાત્ર સિદ્ધિ લોકોના કલ્યાણ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને ભારતની પ્રગતિને આગળ વધારવાના તેમના દૃઢ સંકલ્પને દર્શાવે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઉપરાંત, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ થિરુ સી.પી. રાધાકૃષ્ણન, સહિત દેશ-વિદેશના અન્ય મહાનુભાવોએ પણ તેમના અભિનંદન સંદેશા પાઠવ્યા. ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે, નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહેમદ ટીનુબુ સહિત ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી મોદીને અભિનંદન પાઠવ્યા. નેપાળના પ્રધાનમંત્રી, બોત્સ્વાના પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ, બેલ્જિયમના પ્રધાનમંત્રી, જાપાનનાં પ્રધાનમંત્રી અને ડોમિનિકાના કોમનવેલ્થના પ્રધાનમંત્રીએ પણ પ્રધાનમંત્રી મોદીને અભિનંદન પાઠવ્યા.

પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 વર્ષની સેવાના પ્રસંગે ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને તેમના નિવાસસ્થાને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા હતા. મોદીએ અડવાણીની દાયકાઓની જાહેર સેવા અને રાષ્ટ્રીય જીવનમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનની પ્રશંસા કરતા કહ્યું કે તેમના યોગદાનથી દેશની પ્રગતિ પર અમીટ છાપ પડી છે.



પોતાનું વિઝન રજૂ કર્યું. યુવાનોને ભારતની સૌથી મોટી તાકાત ગણાવતા તેમણે કહ્યું કે દેશની યુવા વસ્તી ઈતિહાસથી મળેલી અસાધારણ તકો છે. આ તકનો ઉપયોગ કરીને એવા પ્રયાસો કરવા જોઈએ જેથી પાછલી પેઢીઓએ ભોગવેલી મુશ્કેલીઓનો સામનો આવનારી પેઢીઓને ન કરવો પડે.

જીવનનો દરેક કણ, દરેક ક્ષણ ભારતની ભૂમિને સમર્પિત

પ્રધાનમંત્રીએ કહ્યું કે આપણે આ શપથ સાથે આગળ વધવું જોઈએ કે, 'રાષ્ટ્ર પહેલા મારો સંકલ્પ રહેશે, રાષ્ટ્રીય સમૃદ્ધિ મારું પ્રણ હશે અને રાષ્ટ્રની સેવા મારું લક્ષ્ય રહેશે. કાર્ય મારો ધર્મ હશે અને કર્તવ્યપાલન મારું પ્રણ રહેશે. સ્વથી સર્વ સુધી, સ્વયંથી વયમ્ સુધી, મારા જીવનનો દરેક કણ, દરેક ક્ષણ, ભારતની ભૂમિને સમર્પિત રહેશે. અને જ્યાં સુધી ભારત વિકસિત નહીં થાય, ત્યાં સુધી હું અટકીશ નહીં, થાકીશ નહીં, મારા માર્ગથી ડગીશ નહીં.' ■

વોકલ ફોર લોકલ
એક આહ્વાન
જોડાયું દરેક ભારતીયનું મન









દિવાળીના ઝગમગતા પ્રકાશની વચ્ચે દેશમાં વધુ એક અજવાળાની ઉજવણી થઈ રહી છે. તે છે આત્મનિર્ભરતાનું અજવાળું. 'મન કી બાત'થી ગુંજેલું 'વોકલ ફોર લોકલ' આહ્વાન માત્ર એક સૂત્ર નથી રહ્યું, પરંતુ જીવનશૈલી બની ગયું છે. માટીના દીવાઓથી શરૂ થયેલી આ યાત્રા હવે સેમિકન્ડક્ટર ચિપ્સ અને પરમાણુ ઊર્જા સુધી પહોંચી ગઈ છે. ખાદી હોય કે સંરક્ષણ નિકાસ, રમકડાં ઉદ્યોગ હોય, કૃષિ હોય કે અન્ય નિકાસ, ભારતીયતાનો પડઘો દુનિયાભરમાં ગુંજી રહ્યો છે. ઓપરેશન સિંદૂરે પણ આપણને શીખવાડ્યું કે સ્વદેશી ફક્ત બજાર પૂરતી વાત નથી, તે રાષ્ટ્રીય સુરક્ષા માટે એક ઢાલ પણ છે. આ દિવાળી વિશેષ હોવાનું કારણ એ પણ છે કે, અત્યારે એવો વળાંક આવ્યો છે જ્યાં ભારત પોતાના કારીગરોનાં કૌશલ્યોનું ગૌરવ લઈને 2047ના વિકસિત ભારતનો પાયો નાખી રહ્યું છે. દિવાળી અને છઠ મહાપર્વ જેવા તહેવારોના શુભપ્રસંગે, ચાલો જાણીએ કે દરેક દીવો, દરેક ભેટ, દરેક ખરીદી માત્ર પ્રકાશ કે તહેવાર નથી. હવે આ 140 કરોડ ભારતીયોનો સ્વદેશી, આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતનો સંકલ્પ છે...





ભારત તહેવારોનો દેશ છે. અહીં, દરેક ધર્મ અને સમુદાયના ઉત્સવો સાથે માત્ર ખુશીઓ જ નહીં, પરંતુ એક સંકલ્પ પણ જોડાયેલો હોય છે. દરેક સંકલ્પનો પોતાનો અલગ અર્થ અને મહત્વ છે. દિવાળી અંધકાર પર પ્રકાશના વિજયની ઉજવણીનું પર્વ છે, જ્યારે ઈદ ભાઈચારા અને એકતાનો સંદેશ આપે છે. નાતાલ પ્રેમ અને કરુણા શીખવે છે, ગુરુપર્વ સેવા અને બલિદાનનો માર્ગ બતાવે છે તેમજ બુદ્ધ પૂર્ણિમા કરુણા અને અહિંસાનો પાઠ શીખવે છે. રક્ષાબંધન ભાઈ-બહેનના પ્રેમને એક તાતણે બાંધે છે, જ્યારે મકરસંક્રાંતિ દાન અને સમરસતાનો સંદેશ આપે છે. છઠ મહાપર્વ સૂર્ય અને પાણી પ્રત્યે કૃતજ્ઞતા, શિસ્ત અને તપનો તહેવાર છે જેમાં નિર્જળા વ્રત રાખીને ઉગતા અને આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. તે પ્રકૃતિ પ્રત્યે આદરની સૌથી ઊંડી પરંપરાને જીવંત કરે છે. નવરાત્રી, ઓણમ, પોંગલ, વૈશાખી અને બિહુ – આ દરેક તહેવારની પોતાની અલગ પરંપરા અને ગાથા હોય છે, પરંતુ એક ભાવના એવી છે જે બધાને એક કરે છે. આ ભાવના છે - ઉત્સવમાં સામૂહિકતાની ભાવના. વિતેલાં કેટલાક વર્ષોમાં, સામૂહિકતાની આ ભાવના સાથે એક નવો સંકલ્પ પણ જોડાયો છે, જે સમુદાયો, ધર્મો અને પ્રદેશોમાં તહેવારોને એક તાતણે પરોવે છે. આ સંકલ્પ છે, 'વોકલ ફોર લોકલ'નો.

છઠ મહાપર્વ તો જાણે આ ભાવનાનું સૌથી સહજ અને જીવંત દૃષ્ટાંત છે. સૂપ અને દૌરા વાંસમાંથી બનાવવામાં આવે છે, જે બિહાર અને પૂર્વાંચલમાં વાંસના હજારો કારીગરોને આજીવિકા પૂરી પાડે છે. પૂજાની ડાલા અને કટોરીઓ હોય કે માટીના દીવા અને ચૂલા હોય, ગામડાંના કુંભારોના હાથની કારીગરી દરેક ઘરમાં પહોંચે છે. પ્રસાદ તરીકે અર્પણ કરવામાં આવતો ઠેકુઆ સ્થાનિક ઘઉં અને ગોળમાંથી બનાવવામાં આવે છે, તેમજ અર્ઘ્યની થાળીમાં શેરડી, નાળિયેર, સુતળી, કેળા અને સોપારીથી સજાવટ કરવામાં આવે છે, જે સીધા સ્થાનિક ખેડૂતોના ખેતરોમાંથી આવે છે. હળદરના છોડ, દીવા પ્રગટાવવા માટે વપરાતી માટીની પરાત, ઘાટ પર મૂકેલી સાદડીઓ સુધી, દરેક છઠ સામગ્રી સ્વદેશી છે, દરેક વસ્તુ કારીગરો, વણકર અને ખેડૂતોની મહેનતની ગાથા કહે છે. આ જ કારણ છે કે, કોઈપણ આહ્વાન વિના, છઠનું પર્વ વર્ષોથી 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને અનુસરી રહ્યું છે. હવે, આ તહેવારે આ પ્રદેશની સીમાઓ ઓળંગીને વૈશ્વિક સ્વરૂપ લીધું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ તેમના કાર્યક્રમોમાં તેનું વિશેષ વર્ણન કરતા હોય છે.

કવર સ્ટોરી

વોકલ ફોર લોકલ

'વોકલ ફોર લોકલ', 'મેડ ઇન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનના પરિણામે જ આ વખતે નવરાત્રિથી દિવાળી સુધી દેશમાં રૂપિયા 7 લાખ કરોડથી વધુનો વ્યવસાય થવાનો અંદાજ કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા લગાવાયો છે.

ભારતીયતાની ભાવનાથી ભરેલા આ તહેવારો દરમિયાન ખરીદવામાં આવતો સામાન હોય કે ભેટ, જ્યારે આ વસ્તુઓ ભારતીય કારીગર દ્વારા ભારતની માટીમાંથી બનાવવામાં આવે છે, ત્યારે આ તહેવાર ફક્ત આસ્થાનો ઉત્સવ જ નથી રહેતો, પરંતુ તે રાષ્ટ્રનિર્માણમાં દરેક નાગરિકની સીધી ભાગીદારીનું પણ પ્રતીક બની જાય છે. આ ભાવના જ 140 કરોડ ભારતીયોને, તેમની વચ્ચે વૈવિધ્ય હોવા છતાં, આત્મનિર્ભર ભારત માટેના સહિયારા સંકલ્પમાં એકજૂથ કરે છે.

આ વર્ષે, દિવાળી અને છઠ મહાપર્વ એક ખાસ પ્રસંગ લઈને આવ્યા છે, જેમાં સંકલ્પ છે - 'વોકલ ફોર લોકલ'નો, જેમાં સંકલ્પ છે - સ્વદેશી ઉત્પાદનોને વૈશ્વિક બનાવવાનો, જેમાં સંકલ્પ છે - 2047 સુધીમાં ભારતને વિકસિત બનાવવાનો. આમ, આ તહેવાર હવે ફક્ત પરંપરા નથી, પરંતુ આત્મનિર્ભરતાનો ઉત્સવ પણ છે. હવે તેણે જન આંદોલનનું સ્વરૂપ લઈ લીધું છે, તેની શરૂઆત 2014માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રેડિયો પર પ્રસારિત થયેલા પ્રથમ 'મન કી બાત' કાર્યક્રમથી થઈ હતી. આ કાર્યક્રમમાં ખાદી માટે કરેલા આહ્વાનથી લોકોના માનસ પર ચિરસ્થાયી છાપ પડી. પછી, જૂન અને ઓગસ્ટ 2020માં, જ્યારે આખું વિશ્વ કોવિડ મહામારીના સંકટનો સામનો કરી રહ્યું હતું, ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર સ્થાનિક ઉત્પાદનો અપનાવવા અને સ્થાનિક કામદારો, વણકર અને કારીગરોના કૌશલ્યને ઓળખવાની અપીલ કરી. આ અપીલ માત્ર એક સૂત્ર નહોતી, તે આપદાને અવસરમાં ફેરવવાનો એક દૃષ્ટિકોણ, જેણે આવનારા વર્ષોમાં ભારતની આર્થિક વિચારસરણીની દિશા જ બદલી નાખી. પ્રધાનમંત્રીના આ આહ્વાનથી આજે, 'વોકલ ફોર લોકલ' ફક્ત એક સરકારી યોજના નહીં પરંતુ 140 કરોડ ભારતીયોની સામૂહિક ચેતનાનો એક ભાગ બની ગયું છે. આ ભાવના દરેક ગામની દરેક દુકાનમાં, દરેક ઘરના દરેક બાળકના વિચારોમાં અને દરેક બજારમાં દરેક વ્યવહારમાં પ્રતિબિંબિત થાય છે.



"વિતેલાં વર્ષોમાં, અમને દૃઢ પણે એવું લાગ્યું છે કે ભારતે હવે અન્ય દેશો પર નિર્ભર રહેવું જોઈએ નહીં. આપણે આત્મનિર્ભર થવું જોઈએ. દુનિયામાં બધુ મળે છે, સસ્તામાં અને ઝડપથી મળે છે, પરંતુ આનાથી આપણા સામર્થ્યનું નિર્માણ નથી થતું, કે આપણી ક્ષમતાઓની કસોટી નથી થતી. તેથી, આપણે આપણી ક્ષમતાઓ વધારવી જોઈએ, આપણા હિતોનું રક્ષણ કરવું જોઈએ. તેથી જ, આપણે આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે ખૂબ જ નિશ્ચય સાથે આગળ વધી રહ્યા છીએ. મેક ઇન ઈન્ડિયા, સ્વદેશી, વોકલ ફોર લોકલ, આ બધા ક્ષેત્રોમાં આજે દરેક ભારતીયના મન જોડાઈ રહ્યા છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

એક મંત્ર, જે એક જન આંદોલન બન્યો

પ્રધાનમંત્રી મોદીએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે 'વોકલ ફોર લોકલ'નો વ્યાપ માટીના દીવા કે પૂજા સામગ્રી ખરીદવા પૂરતો મર્યાદિત નથી. તેનું વિઝન ઘણું મોટું છે. આનો સીધો અર્થ એ છે કે આપણે આપણાં ઘરો અને જીવન



> ***માત્ર માટીના દીવા ખરીદીએ એટલા પૂરતું 'વોકલ ફોર લોકલ' નથી. તમારે તમારા પ્રદેશમાં બનેલા સ્થાનિક ઉત્પાદનોને શક્ય તેટલું વધુ પ્રોત્સાહન આપવું જોઈએ. ભારતીય કારીગરના પરસેવાથી બનેલું કોઈપણ ઉત્પાદન, જે ભારતીય માટીમાંથી બનેલું હોય, તે આપણા માટે ગૌરવ છે. આપણે હંમેશા આ ગૌરવ વધારવું જોઈએ.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

માટે જે કંઈ પણ ખરીદીએ છીએ, તેના માટે આપણે ખાતરી કરવી જોઈએ કે તે ભારતમાં બનેલું છે. કંપની ગમે તે દેશની હોય, કે ગમે તે ભાષામાં તેનું નામ હોય, ઉત્પાદન ભારતની ભૂમિ પર, ભારતીય કારીગરના પરસેવાથી જ બનેલું હોવું જોઈએ. સ્વદેશીની આ સરળ વ્યાખ્યા છે, જે પ્રધાનમંત્રી મોદીએ વારંવાર રાષ્ટ્ર સમક્ષ રજૂ કરી છે. આ ભાવના હવે ફક્ત સરકારી ઝુંબેશ નથી રહી. મીડિયા, ક્રિએટીવ ઈન્ડસ્ટ્રીના સાથીઓ, પ્રભાવશાળી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરો અને ફિલ્મજગતની હસ્તીઓએ આ ઝુંબેશમાં પોતાનો અવાજ આપ્યો છે. પ્રધાનમંત્રીએ વારંવાર ઈન્ફ્લુએન્સરો અને સેલિબ્રિટીઓને વોકલ ફોર લોકલ અપનાવવા અને તેમના લાખો ફોલોઅર્સને પણ આવું કરવા માટે પ્રેરણા આપવાની વિનંતી કરી છે.

આત્મનિર્ભરતાની કહાની બતાવતા આંકડા

કોઈપણ ચળવળની સફળતાનો સૌથી ખાતરીપૂર્વક પુરાવો આંકડા હોય છે. 'વોકલ ફોર લોકલ'ના કિસ્સામાં, આ આંકડા અત્યંત પ્રોત્સાહક છે. છેલ્લાં 12 વર્ષમાં, સંરક્ષણ ઉત્પાદન લગભગ ચાર ગણું વધ્યું છે. ખાદી અને ગ્રામોદ્યોગનું ઉત્પાદન છ ગણું વધ્યું છે, ઈલેક્ટ્રોનિક વિનિર્માણ લગભગ સાત ગણું વધ્યું છે, આધુનિક રેલવે કોચનું નિર્માણ 21 ગણું વધ્યું છે અને મોબાઈલ ફોનનું ઉત્પાદન 35 ગણું વધ્યું છે. તેમજ, આધુનિક યુગ પર નજર કરીએ તો, ભારતે ડિજિટલ અને ઈનોવેશનની દુનિયામાં પણ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. ઈન્ટરનેટ વપરાશકર્તાઓ લગભગ ચાર ગણા વધ્યા છે, મંજૂર કરાયેલી પેટન્ટની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે અને ડિજિટલ વ્યવહારોમાં 100 ગણો વધારો થયો છે. સાથે જ, કેન્દ્ર સરકારે પણ સામાન્ય માણસની સુવિધાઓ પ્રત્યે એટલી જ ગંભીરતા સાથે કામ કર્યું છે. દર વર્ષે સરેરાશ 15 ગણી વધુ ઝડપથી 'નલ સે જલ'નાં જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. દર વર્ષે સરેરાશ છ ગણા ઝડપે લોકોને ગેસ કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે. ગરીબો માટે શૌચાલય દર વર્ષે ચાર ગણી ઝડપથી બનાવવામાં આવ્યા છે. ગરીબો માટે દર વર્ષે ત્રણ ગણી ઝડપે આવાસ પૂરા પાડવાનું કામ કરવામાં આવ્યું છે. દેશમાં શાસન વ્યવસ્થામાં પણ નોંધપાત્ર ફેરફારો થયા છે. હજારો બિનજરૂરી અનુપાલન દૂર કરાયા છે. સેંકડો જૂના કાયદાઓ નાબૂદ કર્યા છે કારણ કે વિતેલી સદીના કાયદાથી 21મી સદીની સફર થઈ શકે નહીં. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે મેટ્રોનું વિસ્તરણ કરાયું છે, જેનાથી જાહેર પરિવહન મજબૂત બન્યું છે. સ્વતંત્રતા પછી વિતેલા દાયકામાં પહેલી વાર આટલી ઝડપ અને વ્યાપકતા સાથે કામકાજો થતા જોવા મળ્યાં છે. જ્યારે આટલી બધી સિદ્ધિઓ દેખાય છે, આટલી ઝડપી ગતિ દેખાય છે અને દેશવાસીઓનું સામર્થ્ય દરેક ક્ષણે મજબૂત થઈ રહ્યું છે, ત્યારે 2047 સુધીમાં વિકસિત ભારત બનવાનો સંકલ્પ ક્યારેય અધૂરો રહી શકે નહીં. આ બધા આંકડા એ હકીકતની સાક્ષી આપે છે કે ભારત હવે અટકવાનું નથી, પરંતુ આગળ વધવાનું છે.

આહ્વાનથી આંદોલન સુધી

12 વર્ષમાં 'વોકલ ફોર લોકલ'થી સપ્તધારા નીકળી

12 વર્ષમાં, સ્વદેશી, વોકલ ફોર લોકરનું આહ્વાન રાષ્ટ્રના વિકાસની ધારા બની ગયું છે. આઝાદીના આંદોલન દરમિયાન, ચરખો અને ખાદી પ્રતીકો બન્યા, જ્યારે સ્વતંત્ર ભારતમાં, 'જય જવાન જય કિસાન' સૂત્ર ભારતની ખાદ્ય અછતને દૂર કરવા માટેનું એક માધ્યમ બન્યું. હવે, 2014થી વોકલ ફોર લોકલનો બહુઆયામી પ્રભાવ પડ્યો છે અને એક અપીલે વિકાસની અસંખ્ય ધારાઓ વહેતી કરી છે.



સેમિકન્ડક્ટર્સથી લઈને પરમાણુ ઊર્જા સુધી: નવી આત્મનિર્ભરતાની ગાથા

આત્મનિર્ભરતાની દિશામાં આ પ્રગતિનું તાજેતરનું ઉદાહરણ એ છે કે, જ્યારે દેશ આઝાદ થયો, ત્યારે દુનિયામાં સેમિકન્ડક્ટર્સ વિશે વાતો થવા લાગી હતી. ભારતમાં પણ ચર્ચાઓ થઈ, પરંતુ કોઈ મોટી સેમિકન્ડક્ટર યોજનાઓ આગળ વધી નથી. આજના ડિજિટલ અને ટેકનોલોજીકલ વિશ્વમાં ચિપ્સનું મહત્વ એ હકીકત દ્વારા સમજી શકાય છે કે કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ, તબીબી ઉપકરણો વગેરેમાં ચિપ્સ અનિવાર્ય છે. આ ચિપ્સ વિના, દુનિયા

> ***આજે, જ્યારે આપણે બધા સાથે મળીને વિકસિત ભારત બનાવવા માટે આટલી મહેનત કરી રહ્યા છીએ, ત્યારે દેશને પણ આપણી પાસેથી એક અપેક્ષા છે. આ અપેક્ષા છે - આત્મનિર્ભરતાની. ભારત ત્યારે જ વિકસિત થશે જ્યારે તે આત્મનિર્ભર હશે. અને ભારતની આત્મનિર્ભરતા માટે સ્વદેશીનો મંત્ર જરૂરી છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



સ્વદેશીની યાત્રા: વિકસિત ભારતના પડાવ

વર્ષ	પડાવ
7 ઓગસ્ટ 1905	બંગાળના ભાગલાના વિરોધમાં સ્વદેશી ચળવળની શરૂઆત
2014	મેક ઈન ઈન્ડિયાનો પ્રારંભ
ઓક્ટોબર 2014	મન કી બાતમાં ખાદીનું ઓછામાં ઓછું એક ઉત્પાદન ખરીદવાનું આહ્વાન
7 ઓગસ્ટ 2015	પ્રથમ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ
જૂન-ઓગસ્ટ 2020	'મન કી બાત'માં વોકલ ફોર લોકલનું પ્રથમ આહ્વાન, આત્મનિર્ભર ભારત અભિયાન
જૂન 2021	ટોયકાથોન - 2021: 'વોકલ ફોર લોકલ ટોય્ઝ' આહ્વાન
27 ફેબ્રુઆરી -2 માર્ચ 2021	પ્રથમ 'રમકડાં મેળો'
ડિસેમ્બર 2021	રૂપિયા 76,000 કરોડના ખર્ચે સેમિકોન ઈન્ડિયા કાર્યક્રમ મંજૂર
ઓગસ્ટ 2023	ખાદી ટર્નઓવર રૂપિયા 1.3 લાખ કરોડને ઓળંગી ગયું (રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસનું ભાષણ)
જાન્યુઆરી 2024	અયોધ્યામાં રામલલ્લા પ્રાણ-પ્રતિષ્ઠા, સ્વદેશી સામગ્રી અને કળાનો ઉપયોગ
6-7 મે 2025	ઓપરેશન સિંદૂર - સ્વદેશી શસ્ત્રોનું પ્રદર્શન
ઓક્ટોબર 2025	NCERTનું 'સ્વદેશી: વોકલ ફોર લોકલ' અભ્યાસક્રમ મોડ્યૂલ
28 ફેબ્રુઆરી 2026	દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન
31 માર્ચ 2026	બીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન
જુલાઈ 2026	સેમિકોન 2.0 (1,27,500 કરોડ રૂપિયા)ને મંજૂરી
સપ્ટેમ્બર 2026	12માંથી 5 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાં વાણિજ્યિક ઉત્પાદન શરૂ

અટકી પડે. આ સંદર્ભમાં, ભારતે આત્મનિર્ભર બનવાની દિશામાં પોતાનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ કર્યો છે. પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ પહેલાંથી જ કાર્યરત થઈ ગયા છે અને ભારત હવે આ પ્લાન્ટ્સમાંથી નિકાસ કરી રહ્યું છે. આગામી સાતથી આઠ વર્ષમાં બીજા પાંચથી આઠ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થવાના છે. આ આત્મનિર્ભર અને વિકસિત ભારતની દિશામાં જવાનો માર્ગ છે.

દાયકાઓ સુધી ભારત આ ક્ષેત્રમાં પાછળ રહ્યું, પરંતુ આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે, તસવીર ઝડપથી બદલાઈ રહી છે. ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ, અત્યાર સુધીમાં 12 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 1.64 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ છે. પ્રધાનમંત્રી મોદીએ 28 ફેબ્રુઆરી 2026ના રોજ દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું અને 31 માર્ચ 2026ના રોજ બીજા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આમાંથી પાંચ પ્રોજેક્ટ (માઈક્રોન, કેનીઝ સેમિકોન, CG સેમી, CDIL સેમિકન્ડક્ટર મોહાલી અને સુચી સેમિકોન, સુરત) સપ્ટેમ્બર 2026 સુધીમાં વાણિજ્યિક ધોરણે ઉત્પાદન શરૂ કરી ચૂક્યા છે. સરકારે જુલાઈ 2026માં સેમિકોન 2.0 કાર્યક્રમને પણ મંજૂરી આપી હતી. આ કાર્યક્રમ માટે રૂપિયા 1,27,500 કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં ચિપ ડિઝાઈન, ઉપકરણ સામગ્રી અને

ખાદી

આંકડાઓથી આત્મનિર્ભર થઈ રહેલા ભારતની ગાથા સમજો

વેચાણમાં **501%** વધારો





ઉત્પાદનમાં **380%** વધારો



રોજગારી સર્જનમાં **56%** વધારો

2.04 કરોડ લોકોને રોજગારી મળી









(નાણાકીય વર્ષ 2013-14ની સરખામણીએ નાણાકીય વર્ષ 2025-26માં)

અદ્યતન પેકેજિંગ ક્ષમતાના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સ-PSMCનું ધોલેરા ફેબ પણ ડિસેમ્બર 2026 સુધીમાં પ્રથમ સિલિકોન ઉત્પાદન શરૂ કરવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે.

જે રીતે સેમિકન્ડક્ટરની વાત કરવામાં આવે છે, એવી જ રીતે ક્રિટિકલ ખનિજો પણ મહત્વપૂર્ણ છે. વિશ્વ જે ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યું છે તેમાં ઊર્જા વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે. ઊર્જા વિના આ નવી દુનિયામાં આગળ વધવું મુશ્કેલ છે. પછી ભલે તે ચિપ્સ હોય, AI હોય કે ડેટા સેન્ટર હોય, બધે જ મોટા પ્રમાણમાં વીજળીની જરૂર પડશે. તેથી, ઊર્જા સુરક્ષા એ સમયની માંગ છે. દેશે આ દિશામાં પહેલાંથી જ મજબૂત પગલાં લીધાં છે. અંદાજપત્રમાં જાહેર કરાયેલા નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન અને ક્રિટિકલ

> ***વિતેલાં વર્ષોમાં, આપણા તહેવારોમાં એક નવો સંકલ્પ ઉમેરાયો છે. આ સંકલ્પ 'વોકલ ફોર લોકલ' છે. હવે આપણે આપણા સ્થાનિક કામદારો, કારીગરો અને વેપારીઓને તહેવારોની ખુશીમાં સામેલ કરીએ છીએ. આપણે આ અભિયાનને વધુ વેગ આપવાનો સંકલ્પ લેવાનો છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

ઈલેક્ટ્રોનિક્સ

13.11

લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન 2025-26માં, વર્ષ 2014-15માં 1.9 લાખ કરોડ રૂપિયા હતું. ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં 7 ગણો વધારો.

4.24

લાખ કરોડ રૂપિયાની નિકાસ 2025-26માં, વર્ષ 2014-15માં 38 હજાર કરોડ રૂપિયા. ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં 11 ગણો વધારો.



સેમિકન્ડક્ટર

1,27,500

કરોડ રૂપિયાના ખર્ચ સાથે 15 જુલાઈ 2026ના રોજ સેમીકોન 2.0ને મંજૂરી.



1.64 લાખ કરોડ

રૂપિયાથી વધુનું રોકાણ, છ રાજ્યોમાં 12 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી.



મિનરલ્સ કોરિડોર દ્વારા ભારતે પણ આ દિશામાં નક્કર પગલાં લીધાં છે. હવે, દુનિયાના ઘણા દેશો આ ક્ષેત્રમાં ભારત પર વિશ્વાસ મૂકી રહ્યા છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતાની આ યાત્રામાં ઊર્જા સુરક્ષા બીજા મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી આવી છે. ચિપ્સ હોય, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હોય કે ડેટા સેન્ટર હોય, તે બધાને નોંધપાત્ર પ્રમાણમાં વીજળીની જરૂર પડશે. આને ધ્યાનમાં રાખીને, ભારતે પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં એક મોટું લક્ષ્ય નક્કી કર્યું છે કે, 2047 સુધીમાં 100 ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવી. સંસદમાં શાંતિ કાયદો પસાર કરીને, આ નવા લક્ષ્યને પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો કરાયો છે. આ દાયકામાં પાંચ નવા પરમાણુ રિએક્ટર કાર્યરત કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. આ વર્ષે, ભારતે ફાસ્ટ બ્રીડર ન્યૂક્લિયર ટેકનોલોજીમાં નિપુણતા મેળવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યું છે. આ સફળતાએ દેશને પરમાણુ ઇંધણમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવ્યો છે.

સ્વદેશીની શક્તિ, સુરક્ષાતંત્ર પણ આત્મનિર્ભર બન્યું

આત્મનિર્ભરતા માત્ર આર્થિક સમૃદ્ધિનો આધાર નથી, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષાનો પણ આધાર બની ગઈ છે. આ વર્ષે રાષ્ટ્ર અને વિશ્વએ આનો સૌથી શક્તિશાળી પુરાવો જોયો. પહેલગામમાં નિર્દોષ નાગરિકોના ક્રૂર હત્યાકાંડ બાદ, ભારતે આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહી કરી અને 6-7 મે 2025ની રાત્રે ઓપરેશન સિંદૂર હાથ ધરીને પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલા કર્યા. આ સમગ્ર ઓપરેશન દરમિયાન આખી દુનિયાએ ભારતના

મોબાઈલ

6.27 લાખ કરોડ

રૂપિયાનું મોબાઈલ ઉત્પાદન નાણાકીય વર્ષ 2025-26માં, વર્ષ 2014-15માં 18,000 કરોડ રૂપિયા હતું. 33 ગણો વધારો.




2.60 લાખ કરોડ રૂપિયાની

નિકાસ, નાણાકીય વર્ષ 2025-26માં, નાણાકીય વર્ષ 2014-15માં 1,566 કરોડ રૂપિયા, 165 ગણો વધારો.



12 લાખ નોકરીઓમાંથી, મહિલાઓની ભાગીદારી આશરે 70% છે મોબાઈલ ઉત્પાદન ક્ષેત્રમાં.



99.2%

મોબાઈલ ફોન, જે ભારતમાં વપરાય છે તે હવે દેશમાં જ બને છે.

જથ્થાની દૃષ્ટિએ ભારત સમગ્ર વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ફોન ઉત્પાદક દેશ છે.

સ્વદેશી શસ્ત્રોની તાકાત જોઈ. ભારતની એર ડિફેન્સ સિસ્ટમો, સ્વદેશી મિસાઈલો અને સ્વદેશી ડ્રોને સાબિત કર્યું છે કે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ માત્ર આર્થિક સૂત્ર નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાની ગેરંટી છે. બ્રહ્મોસ જેવી સ્વદેશી મિસાઈલોએ દેશના દરેક દુશ્મનના મનમાં કાયમ માટે ભય પેદા કર્યો છે. આ ઓપરેશનથી ભારતના દરેક દુશ્મનમાં ડર ઉભો થયો છે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે આજે, જો પાકિસ્તાનમાં ક્યાંય પણ એમ જ બ્રહ્મોસનો અવાજ સંભળાઈ જાય, તો તેઓ ઊંઘી શકતા નથી.

દર વર્ષે દિવાળીના પ્રસંગે સુરક્ષાની આત્મનિર્ભરતાનું માનવીય પાસું પણ

> ***દુનિયામાં ઘણી વસ્તુઓ સસ્તી અને ઝડપથી મળી શકે છે, પરંતુ તેનાથી આપણું સામર્થ્ય તૈયાર નથી થતું, કે તેનાથી આપણી ક્ષમતાઓ કસોટી નથી થતી. તેથી, આપણે પણ આપણી ક્ષમતાઓ વધારવાની છે અને આપણા હિતોનું રક્ષણ કરવાનું છે. આત્મનિર્ભર ભારતનો સંકલ્પ ખૂબ જ દૃઢ નિશ્ચય સાથે લઈને આપણે આગળ વધી રહ્યા છીએ.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

સંરક્ષણ

ઉત્પાદન

1.78

લાખ કરોડ રૂપિયા

નાણાકીય વર્ષ 2025-26, નાણાકીય વર્ષ 2014-15માં 46,429 કરોડ રૂપિયા, 4 ગણી વૃદ્ધિ.



નિકાસ

38,424
કરોડ રૂપિયા

5,500% વધારો

686
કરોડ રૂપિયા

વર્ષ 2014-15




વર્ષ 2025-26

રમકડાં

$384.7
મિલિયનની નિકાસ નાણાકીય વર્ષ 2025-26માં થઈ.

239%
નિકાસમાં વધારો છેલ્લા 4 વર્ષમાં

150
થી વધુ દેશોમાં ભારત નિકાસ કરે છે



દેખાય છે. છેલ્લાં 25 વર્ષથી, પ્રધાનમંત્રી મોદી દરેક દિવાળી સૈનિકો સાથે ઉજવી રહ્યા છે. તેમની આ જ ભાવના ભારતના લોકોને સશક્ત બનાવવાની સાથે-સાથે સરહદોને સુરક્ષિત રાખવાનો મજબૂત સંદેશ પણ આપે છે.

સદીઓ જૂનો વારસો... સ્વદેશી

સ્વદેશીની આ ભાવના ભારત માટે નવી નથી. બંગાળના ભાગલાની જાહેરાત પછી 7 ઓગસ્ટ 1905ના રોજ સ્વદેશી આંદોલન શરૂ થયું હતું, ત્યારે ભારતીયોએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવાનો અને સ્વદેશી ઉત્પાદનો અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. આ ચળવળ માત્ર રાજકીય જ નહીં પરંતુ અંગ્રેજો માટે આર્થિક ફટકો પણ હતી. તેના પરિણામે, 1905-08 દરમિયાન આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો અને દેશમાં સ્વદેશી કાપડ મિલો, સાબુ-માચિસની ફેક્ટરીઓ, ચામડાના કારખાના અને બેંકિંગ અને વીમા કંપનીઓનો પાયો નખાયો હતો. આ વારસાને આગળ વધારીને, 2014થી 'વોકલ ફોર લોકલ' અને કોવિડકાળ દરમિયાન 'આત્મનિર્ભર ભારત'ના મંત્રએ એક નવી સ્વદેશી ચળવળને જન્મ આપ્યો છે. આ વિચારથી પ્રેરાઈને, કેન્દ્ર સરકારે 7 ઓગસ્ટ 2015ના રોજ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની શરૂઆત કરી. તાજેતરમાં, NCERT એ 'સ્વદેશીઃ વોકલ ફોર લોકલ' નામનું ખાસ અભ્યાસક્રમ મોડ્યૂલ પણ તૈયાર કર્યું છે, જેનો ઉલ્લેખ પ્રધાનમંત્રી મોદીએ પોતે લાલ કિલ્લાની પ્રાચીર પરથી કર્યો હતો.

FDI



94.84

અબજ અમેરિકી ડૉલરનું રોકાણ નાણાકીય વર્ષ 2025-26માં થયું, નાણાકીય વર્ષ 2013-14માં 36.05 અબજ અમેરિકી ડૉલર હતું.

163%

નો વધારો છેલ્લાં 11 વર્ષમાં નોંધાયો.

ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ રેન્કિંગ



63મો
વર્ષ 2019

142મો
વર્ષ 2014

કાપડની નિકાસ

3,25,339

કરોડ રૂપિયાની કાપડ અને વસ્ત્રોની નિકાસ વર્ષ 2025-26માં, જેમાં હસ્તકલા સામેલ છે

100

થી વધુ દેશોમાં નિકાસ વધી

3,19,573.2

કરોડ રૂપિયા નાણાકીય વર્ષ 2024-25માં



દેશની આવી પ્રગતિ માટે આત્મવિશ્વાસ અને આત્મગૌરવની જરૂર પડે છે. આથી જ, વિતેલા વર્ષોમાં કેન્દ્ર સરકારે પ્રણ લીધું છે કે ભારતે હવે બીજા દેશો પર નિર્ભર રહેવું જોઈએ નહીં, તેણે આત્મનિર્ભર બનવું જોઈએ. દુનિયામાં ઘણું બધું મળે છે, સસ્તું અને સરળતાથી ઉપલબ્ધ છે, પરંતુ આનાથી રાષ્ટ્રનું સમાર્થ્ય તૈયાર નથી થતું, કે તે નાગરિકોની ક્ષમતાઓની કસોટી નથી થતી. પ્રધાનમંત્રી મોદીએ અનેક પ્રસંગોએ કહ્યું છે કે, "આપણે પણ આપણી ક્ષમતાઓ વધારવાની છે, આપણા પોતાના હિતોનું રક્ષણ કરવાનું છે અને તેથી, આપણે આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે ખૂબ જ નિશ્ચય સાથે આગળ વધી રહ્યા છીએ." આ વ્યાપક વિઝનનું પરિણામ મેક ઈન ઈન્ડિયા, સ્વદેશી, વોકલ ફોર લોકલ છે. આજે, દરેક ભારતીયનું મન આ ક્ષેત્રો સાથે જોડાઈ રહ્યું છે.

આજે, 140 કરોડ દેશવાસીઓનો એકમાત્ર મંત્ર છે - સમૃદ્ધ ભારત. તેની પાછળની ભાવના અમૃત મહોત્સવ વર્ષથી આગળ વધી રહી છે કે, જો કોટી-કોટી લોકોના બલિદાનથી ભારત આઝાદ થઈ શકે છે, તો કોટી-કોટી લોકોના સંકલ્પ, પુરુષાર્થ, આત્મનિર્ભર, વોકલ ફોર લોકલ અને સ્વદેશીના મંત્રથી ભારત સમૃદ્ધ પણ થઈ શકે છે. તે પેઢી સ્વતંત્ર ભારત માટે સમર્પિત હતી, આ પેઢીએ સમૃદ્ધ ભારત તરફ નવા પગલાં ભરવા જોઈએ - સમયની પણ આ જ માંગ છે.

આથી, લાલ કિલ્લાની પ્રાચીર પરથી પ્રધાનમંત્રી મોદીએ 'વોકલ ફોર

પરમાણુ ઊર્જા

પરમાણુ ઊર્જા મિશન

- ભારતનું લક્ષ્ય 2047 સુધીમાં પરમાણુ ઊર્જા ક્ષમતા 100 GW સુધી વધારવાનો છે.

સ્થાપિત ક્ષમતા

- 8.78 GW પરમાણુ ઊર્જા ક્ષમતા, 31 જુલાઈ 2026 સુધીમાં.



PLI



2.40 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરાયું છે.



14.15 લાખથી વધુ નોકરીનું સર્જન.

15.12 લાખ કરોડ રૂપિયાથી વધુની નિકાસ.

ઓટોમોબાઈલ

31.03

મિલિયન યુનિટ વાહનનું ઉત્પાદન વર્ષ 2025માં જ્યારે વર્ષ 2021માં 22.55 મિલિયન યુનિટ હતું.

3 કરોડ

પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન ઓટોમોબાઈલ ક્ષેત્રમાં થયું છે.



લોકલ' સૂત્ર સાથે આહ્વાન કર્યું હતું કે, "હું વારંવાર અનુરોધ કરું છું. હું દેશના તમામ ઈન્ફ્લુએન્સરોને આ મંત્ર આગળ વધારવામાં મદદ કરવાનું કહેવા માંગુ છું. હું તમામ રાજકીય પક્ષો, રાજનેતાઓ અને દરેકને આગળ આવીને મારી મદદ કરવાની વિનંતી કરું છું. આ કોઈ રાજકીય પક્ષનો એજન્ડા નથી. ભારત આપણા સૌનું છે. સાથે મળીને, ચાલો વોકલ ફોર લોકલના મંત્રને દરેક નાગરિકના જીવનનો મંત્ર બનાવીએ. આપણે ફક્ત એવી વસ્તુઓ ખરીદીશું અને ઉપયોગમાં લઈશું જે ભારતમાં બનેલી હોય, ભારતીય નાગરિકોના પરસેવાથી બનેલી હોય, જેમાં ભારતીય માટીની સુગંધ હોય અને જે ભારતના આત્મનિર્ભરતાના સંકલ્પને તાકાત આપે. ચાલો, તે દિશામાં આગળ વધીએ. આ એક સામૂહિક સંકલ્પ બનાવીએ, જોત-જોતામાં દુનિયા બદલી નાખીશું."

ખાદીથી રમકડાં સુધી, હકીકતોની ગાથાઓ

આઝાદી પહેલાં, ચરખો અને ખાદી જન-આંદોલનનાં પ્રતીક હતાં. પ્રધાનમંત્રી મોદીના આહ્વાનને પગલે, ખાદી ફરી એકવાર રાષ્ટ્રીય ફેશનનું પ્રતીક બની ગઈ છે. તેની પહોંચ હવે ફક્ત ભારત સુધી મર્યાદિત નથી રહી. મહાત્મા ગાંધીથી પ્રેરિત થઈને, મેક્સિકોના ઓહાકા પ્રદેશનો એક યુવાન ભારત આવ્યો અને પાછા જઈને ત્યાંના ગ્રામજનોને ખાદી બનાવતા શીખવાડ્યું. આજે, 'ઓહાકા ખાદી' એક સ્થાપિત બ્રાન્ડ બની ગઈ છે.

રમકડાં ઉદ્યોગની ગાથા પણ એટલી જ પ્રેરક છે. હવે, કેન્દ્ર સરકારે રમકડાંની આ સમૃદ્ધ પરંપરા અને ભારતીય ગૌરવ માટે એક પ્લેટફોર્મ પૂરું

ડિજિટલ અર્થતંત્ર



ભારતના GDPમાં આશરે

12-14%

યોગદાન આપે છે અને આગામી દાયકામાં તે 20 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે.





‘સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ ડિજિટલ ઇકોનોમી રિપોર્ટ 2026’ મુજબ, ભારત હવે વિશ્વનું પાંચમું સૌથી મોટું ડિજિટલ અર્થતંત્ર છે.

પાડવાની દિશામાં પગલાં લીધાં છે. જાન્યુઆરી 2021માં એક ટોયાથોનનું આયોજન કરાયું હતું જેથી દર્શાવી શકાય કે રમકડા ઉદ્યોગ કેવી રીતે આત્મનિર્ભર બની શકે છે અને ભારતીય રમકડાંમાં સંસ્કૃતિ અને નવા ઈનોવેશનનો સમાવેશ કરીને વૈશ્વિક સ્તરે પ્રગતિ કરી શકે છે. ત્યારબાદ, 27 ફેબ્રુઆરીથી 2 માર્ચ 2021 સુધી, દેશના ઈતિહાસમાં પ્રથમ ‘રમકડાં મેળો’ યોજાયો હતો. 2021માં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત તેની રમકડાની જરૂરિયાતોના લગભગ 80 ટકા આયાત કરતું હતું. વૈશ્વિક 100 અબજ ડૉલરના રમકડાં બજારમાં ભારતનો હિસ્સો ફક્ત 1.5 અબજ ડૉલર હતો. પાંચ વર્ષમાં આ ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. જુલાઈ 2026ના અહેવાલ મુજબ, મુખ્ય રમકડાં શ્રેણીઓમાં ભારતની નિકાસ 2017-18માં 15.27 કરોડ ડૉલર હતી તે વધીને 2025-26માં 38.47 અબજ ડૉલર થઈ, જે આશરે 152%નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. ઈલેક્ટ્રોનિક અને બિન-ઈલેક્ટ્રોનિક રમકડાં બંનેની નિકાસમાં આશરે 160% વધારો થયો. નોંધપાત્ર રીતે, 2017-18માં ભારતને આ ક્ષેત્રમાં 21.3 કરોડ ડૉલરની વેપાર ખાધ હતી, જ્યારે ભારતે 2025-26માં 15.2 કરોડ ડૉલરની વેપાર સરપ્લસ નોંધાવી હતી. ગુજરાતના રાજકોટથી લઈને કર્ણાટકના ચન્નાપટના, આંધ્રપ્રદેશના કોંડાપલ્લી-એટીકોપ્પકા અને ઉત્તરપ્રદેશના

આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભ

1 અર્થતંત્ર

વૃદ્ધિગત ફેરફારો નહીં, પરંતુ હરણફાળ ભરીને, સરકારે ભારતને 5 ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.



2 ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ભારતની નવી ઓળખ. 5 ટ્રિલિયન ડૉલરના અર્થતંત્રનું લક્ષ્ય રાખીને, આગામી પાંચ વર્ષમાં ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં 100 લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવશે.



3. પ્રણાલી

21મી સદીની ટેકનોલોજી સંચાલિત વ્યવસ્થાઓ પર આધારિત.

4. વાઈબ્રન્ટ ડેમોગ્રાફી

જે આત્મનિર્ભર ભારત માટે સ્પર્ધાત્મક લાભ સાબિત થશે.



5. માંગ

માંગ અને પુરવઠા શૃંખલાઓની શક્તિનો ઉપયોગ તેમની સંપૂર્ણ ક્ષમતા સાથે થવો જોઈએ.



વારાણસી સુધી ફેલાયેલા પરંપરાગત રમકડાંના ક્લસ્ટરો આ પરિવર્તનના કેન્દ્રમાં છે. ભારતમાં પરંપરાગત રમકડાંના બાર ક્લસ્ટરોને GI ટેગ મળ્યાં છે અને આ વારસો આશરે પાંચ હજાર વર્ષ જૂનો હોવાનું માનવામાં આવે છે.

દરેક ઘર, દરેક દુકાન માટે સંકલ્પ

પ્રધાનમંત્રી મોદી દરેક નાના-મોટા વેપારી અને દુકાનદારને તેમની દુકાનોમાં ગૌરવથી એક બોર્ડ લગાવવાનો પણ અનુરોધ કરે છે જેમાં લખ્યું હોય કે અહીં સ્વદેશી વસ્તુઓ વેચાય છે. તેમનું માનવું છે કે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ મજબૂરીથી નહીં, પરંતુ મજબૂતીથી થવો જોઈએ. પ્રધાનમંત્રી મોદીએ આ સંકલ્પને આ રીતે સમજાવ્યો કે, "આજે, હું દરેક નાના-મોટા વેપારી અને દુકાનદારને વિનંતી કરવા માંગુ છું કે તમારી પણ જવાબદારી છે, જ્યારે આપણે નાના હતા, ત્યારે શુદ્ધ ઘીની દુકાન આપણને બજારમાં જોવા મળતી હતી, બરાબરને? ફક્ત 'ઘીની દુકાન' લખાતું હતું, પરંતુ સમય જતાં, લોકોએ 'શુદ્ધ ઘીની દુકાન' લખવાનું શરૂ કર્યું. હું ઈચ્છું છું કે દેશના આવા વેપારીઓ અને દુકાનદારો આગળ આવે અને એવા બોર્ડ લગાવે કે અહીં સ્વદેશી વસ્તુઓ વેચાય છે. મજબૂતી માટે સ્વદેશીનો ઉપયોગ કરીશું અને જરૂર પડેત બીજાને મજબૂર કરવા માટે

પણ સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરીશું. આ આપણી શક્તિ હોવી જોઈએ. આ આપણો મંત્ર હોવો જોઈએ.” આ ભાવનાને પ્રોત્સાહન આપવા માટે, શાળાઓમાં સ્વદેશી દિવસ, સ્વદેશી સપ્તાહ અને સ્થાનિક ઉત્પાદનો દિવસ જેવા કાર્યક્રમોનું આયોજન કરવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બર 2025માં, રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર વિજેતાઓ સાથેની વાતચીત દરમિયાન, પ્રધાનમંત્રીએ શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે સ્વદેશી ચળવળનું નેતૃત્વ કરવાનું ગૃહકાર્ય આપ્યું. તેમણે ભલામણ કરી કે શાળાઓએ બાળકોને ‘મેક ઈન ઈન્ડિયા’ થીમ પર પ્રોજેક્ટ પણ સોંપવા જોઈએ. થોડો સમય સ્વદેશી સરઘસોનું આયોજન કરો. શાળાઓમાં આની ઉજવણી કરો. સ્વદેશી દિવસ, સ્વદેશી સપ્તાહ અને સ્થાનિક ઉત્પાદનો દિવસની ઉજવણી કરો. બાળકોએ તેમના ઘરે વપરાતા સ્વદેશી ઉત્પાદનોની યાદી બનાવીને શાળામાં લાવે અને દર મહિને આ કામ કરો જેથી તેમના ઘરે સ્વદેશી ઉત્પાદનોની સંખ્યા વધારશે. સ્વદેશીના મહત્વ પર ચર્ચા થવી જોઈએ. બાળકોના જન્મદિવસ પર સ્વદેશી ભેટ આપવા માટે એક થીમ બનાવો. આનાથી બાળપણથી જ સ્વદેશીની ભાવના કેળવાશે અને ધીમે ધીમે સમગ્ર પરિવાર સ્વદેશી બનશે.

વેપાર અને નીતિમાં ફેરફાર

કેન્દ્ર સરકારે, પ્રથમ વખત, 14 મહત્વપૂર્ણ ક્ષેત્રોની ઓળખ કરી અને ઉત્પાદન આધારિત પ્રોત્સાહન (PLI) યોજના શરૂ કરી. ભારત હવે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં 63મા સ્થાને પહોંચી ગયું છે, જે 2014માં 142મા સ્થાને હતું. વિદેશી રોકાણ પ્રવાહમાં પણ વિક્રમી વૃદ્ધિ જોવા મળી છે. 2014 થી 2024 દરમિયાન, ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI)માં 667.4 અબજ ડૉલર આવ્યા છે, જે તેની પહેલાંના એટલે કે 2004-14ના દાયકાની તુલનામાં 119%નો વધારો છે. ઓગસ્ટ 2026માં જ, ભારતની કાપડ નિકાસ રૂપિયા 29,776 કરોડ હતી, જે પાછલા વર્ષની તુલનામાં 16.1%નો વધારો છે. એક જિલ્લો, એક ઉત્પાદન નીતિએ સૂક્ષ્મ ઉદ્યમોની સ્પર્ધાત્મકતામાં વધારો કર્યો છે.

આ દિવાળીએ પણ, એ જ સંકલ્પ

2026ની આ દિવાળી ઘણી રીતે ખાસ છે. આ તે વર્ષ છે જ્યારે દેશે સેમિકન્ડક્ટર અને પરમાણુ ઊર્જા જેવા ક્ષેત્રોમાં હરણફાળ ભરી છે, સંરક્ષણ નિકાસના નવા વિક્રમો બન્યા છે અને સ્વદેશી સૈન્ય શક્તિએ તેની ક્ષમતા સાબિત કરી છે. એવા સમયે જ્યારે વૈશ્વિક પરિસ્થિતિઓ ઝડપથી બદલાઈ



રહી છે, ત્યારે આત્મનિર્ભરતાની જરૂરિયાત પહેલા કરતાં વધુ અનુભવાઈ રહી છે. પ્રધાનમંત્રી મોદીનો સંદેશ સ્પષ્ટ છે કે, તમે જે કંઈ પણ ખરીદો તે સ્વદેશી હોવું જોઈએ. તમારા ઘરને સ્વદેશી ઉત્પાદનોથી સજાવો, ભારતમાં બનેલી વસ્તુ ભેટમાં આપો અને જીવનની દરેક જરૂરિયાતમાં ભારતીય માટીની સુગંધ હોવી જોઈએ. આ અપીલ કોઈ રાજકીય પક્ષ કે સરકારની નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્રના ભવિષ્ય માટે છે. પ્રધાનમંત્રી મોદી આ સંકલ્પમાં બિનજરૂરી સરખામણી કરવાને બદલે પોતાની ક્ષિતિજોનું વિસ્તૃત કરવાનું પણ આહ્વાન કરે છે. ગત 7 ઓક્ટોબરના રોજ સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ કરનારા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું છે કે, ‘હું બહોળા અનુભવથી કહું છું, આપણે બીજા કોઈની રેખા ટૂંકી કરવામાં આપણી શક્તિ બગાડવી જોઈએ નહીં, આપણે આપણી બધી શક્તિ આપણી પોતાની રેખાને લંબાવવામાં સમર્પિત કરવી જોઈએ. જો આપણે આપણી રેખાને લંબાવીશું, તો દુનિયાને આપણી શક્તિનો પરચો મળી



જશે. આજે, જ્યારે વૈશ્વિક પરિસ્થિતિઓમાં આર્થિક સ્વાર્થ દિવસેને દિવસે વધી રહ્યો છે, ત્યારે સમયની માંગ છે કે આપણે આ કટોકટીઓ પર રોદણાં રોવાના બદલે હિંમતભેર આપણી ક્ષિતિજોને ફેલાવીએ. 25 વર્ષના શાસનના અનુભવથી હું કહી શકું છું કે જો આપણે આ માર્ગ પસંદ કરી લઈએ અને દરેક વ્યક્તિ આ માર્ગ પસંદ કરે, તો કોઈ સ્વાર્થ આપણને ફસાવી શકશે નહીં."

વિકસિત ભારત તરફ

2047માં ભારત તેની 100મી સ્વતંત્રતાની વર્ષગાંઠ ઉજવશે, ત્યાં સુધીમાં દેશે વિકસિત રાષ્ટ્ર બનવાનો સંકલ્પ લીધો છે તેનો આધાર આત્મનિર્ભરતા અને સ્વદેશીની આ ભાવના છે. મેક ઈન ઈન્ડિયા, સ્વદેશી અને વોકલ ફોર લોકલની ત્રિપુટી સાથે મળીને એક એવો મહામાર્ગ બનાવી રહી છે જેના પર આગેકૂચ કરીને ભારત તેના પ્રાચીન અને ગૌરવશાળી વારસાને પાછો મેળવશે. આ તહેવારોની મોસમ, ખાસ કરીને દિવાળી અને છઠમાં દરેક ભારતીય પાસેથી પ્રધાનમંત્રી મોદીની અપેક્ષા છે કે, સ્વદેશી દીવા પ્રગટાવો, સ્થાનિક ઉત્પાદનોથી ઉજવણી કરો અને ગૌરવથી કહો, આ સ્વદેશી છે, આ મેડ ઈન ઈન્ડિયા છે.

ચોક્કસપણે, આજે ભારતના દરેક ખૂણામાં 'વોકલ ફોર લોકલ' સાંભળવા મળે છે. લોકો સ્પર્શીને વસ્તુઓમાં લોકલ શોધે છે જે આત્મસન્માનનું પ્રતીક છે. ભારતીયતાનો ભાવ, વિઝન 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો 140 કરોડ ભારતીયોનો સંકલ્પ બની ગયો છે, જે સ્થાનિક ઉત્પાદનો અને બજારોને પ્રોત્સાહન આપી રહ્યો છે જેથી દેશનાં ઉત્પાદનોને વૈશ્વિક બનાવી શકાય. આ અમૃતકાળમાં, દેશે નક્કી કર્યું છે કે 'વોકલ ફોર લોકલ'ના આહ્વાન સાથે, ભારતની પરંપરાઓ અને તેની શૌર્ય ગાથાઓને હવે વધુ ભવ્ય ઓળખ મળશે. ■

ભારતીયો જીવ લેતાં નથી...

જીવ બચાવે છે



ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરે પોતાની બહાદુરી અને સમજદારી બતાવીને 9/11 જેવા હુમલાને તો અટકાવ્યો જ છે, સાથે-સાથે દુનિયાભરમાં 140 કરોડ ભારતીયોને ગૌરવ કરવાનો અવસર આપ્યો છે. આ જ કારણ છે કે અમેરિકા અને ઇઝરાયલ સહિત સમગ્ર વિશ્વ આ ભારતીય પાયલટને હીરો તરીકે બિરદાવી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2 ઓક્ટોબરના રોજ વીડિયો કૉલ દ્વારા આ હિંમતવાન પાયલટ સાથે વાત કરી હતી અને તેમને ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. વાતચીતના મુખ્ય મુદ્દાઓ અહીં છે...

પ્રધાનમંત્રી: સ્મિત નમસ્તે.

કેપ્ટન સ્મિત: જય હિન્દ, સાહેબ. નમસ્તે સાહેબ.

પ્રધાનમંત્રી: હવે તમે કેમ છો? તબીયત કેવી છે?

કેપ્ટન સ્મિત: સર, બધું એકદમ બરાબર છે, સર, બધું ઠીક છે.

પ્રધાનમંત્રી: જુઓ, આખો દેશ તમારા માટે પ્રાર્થના કરી રહ્યો છે. દરેક ઠેર-ઠેર મહામૃત્યુંજયના જાપ થઈ રહ્યા છે.

કેપ્ટન સ્મિત: હા, સાહેબ.

પ્રધાનમંત્રી: તમારી હિંમત, ધીરજ અને સમજણ, એટલે કે, તમે ફ્રિક્શન ઓફ સેકન્ડમાં આટલા બધા નિર્ણયો લીધા... અને આટલા લોકોના જીવ બચાવ્યા. આખો દેશ ગૌરવભેર કહી શકે છે કે આપણે ભારતીયો જીવ લેતા નથી, આપણે જીવ બચાવીએ છીએ.

કેપ્ટન સ્મિત: બિલકુલ સર.

પ્રધાનમંત્રી: તમને આટલો મોટો ઘા વાગ્યો હતો, તમે જીવન અને મૃત્યુ વચ્ચેની લડાઈ લડી રહ્યા હતા. તે સમયે, તમે તમારા પોતાના જીવનની નહીં પરંતુ બધા મુસાફરોના જીવનની ચિંતા કરી. સૌથી મહત્વની વાત એ છે કે, 140 કરોડ દેશવાસીઓનું તમે માન વધાર્યું છે.

પ્રધાનમંત્રી: મેં ભૂપેન્દ્રભાઈ, ગીતા બહેન અને સોનલ બહેન સાથે વાત કરી. મેં ગીતા બહેનને કહ્યું કે તમારું નામ ગીતા છે, પરંતુ તમે તો કૃષ્ણની

ગીતાને સંપૂર્ણપણે આત્મસાત કરી લીધી છે. તમે સ્મિતના જીવનનું ઘડતર સાક્ષાત તે ગીતાના સંસ્કારોથી કર્યું છે.

કેપ્ટન સ્મિત: બિલકુલ, સર.

પ્રધાનમંત્રી: સ્મિત, હવે હું તમારી પાસેથી સાંભળવા માંગુ છું.

કેપ્ટન સ્મિત: સર, તમે મારા સૌથી મોટા આદર્શ છો. તમે આ રીતે કૉલ કરીને મારી હિંમત વધારી રહ્યા છે. મને ખૂબ ગૌરવ થઈ રહ્યું છે. હું તે સમયે મારા જીવન માટે લડી રહ્યો હતો, પરંતુ મને સમજાયું કે જો હું કંઈ ન કરું, કારણ કે હું પડી ગયો હતો, તો હું એટલો ઘાયલ થઈ ગયો હતો કે હું નીચે ફસાઈ ગયો હતો. સર, હું 17 વર્ષથી FZમાં ઉડાન ભરી રહ્યો છું. હું છેલ્લા 11 વર્ષથી કેપ્ટન છું. અને હું આંખો બંધ કરીને પણ વિમાનમાં શું થઈ રહ્યું છે તે અનુભવી શકું છું.

જ્યારે હું નીચે પડી રહ્યો હતો, ત્યારે મને અહેસાસ થઈ રહ્યો હતો વિમાન નીચે જઈ રહ્યું છે. મને ખાતરી હતી કે જો એક છેલ્લો ધક્કો મારી દઉં, તો દરવાજો ત્યાં જ હતો અને ત્યારે પણ મને માર મારવામાં આવી રહ્યો હતો. બસ, મેં દરવાજો ખોલી સીધો, સર. બીજા બધા આવ્યા અને દરેકની એટલી જ ભૂમિકા હતી. પરંતુ તે જ સમયે, મને ખબર હતી કે હું તે બધાને મરવા માટે છોડી ન શકું.

મને અહીં ખૂબ જ સારી સંભાળ અને તબીબી સહાય મળી રહી છે. સર, જ્યારે પણ મને દુખાવો થાય છે, ત્યારે હું ફક્ત હનુમાન ચાલીસાનો પાઠ કરું છું. તે સમયે પણ, હું હનુમાન ચાલીસાનો પાઠ કરી રહ્યો હતો અને મને ખબર છે કે ભગવાને જ મને બચાવ્યો છે. બસ તમારો એક કૉલ આવી ગયો, મને ખૂબ ગૌરવ થઈ રહ્યું છે. માફ કરશો, હું તમારી સામે રડી રહ્યો છું, સર.

પ્રધાનમંત્રી: સ્મિત, જો તમે મારી સામે ભાવુક નહીં થાઓ, તો તમે ક્યાં થશો?

કેપ્ટન સ્મિત: સર, મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું તમારી સાથે વાત કરીશ, ક્યારેય વિચાર્યું પણ ન હતું.

પ્રધાનમંત્રી: તમે એટલું મહાન કામ કર્યું છે કે દેશનો દરેક નાગરિક અને દુનિયાના લોકો પણ, તમને જોવા અને તમારી સાથે વાત કરવા માટે ઉત્સુક છે. તમે જે હનુમાન ચાલીસા કરી, તેના માટે હું ગીતાબહેનને વંદન કરીશ કે તેમણે તમને આવા સંસ્કાર આપ્યા.

કેપ્ટન સ્મિત: જી, સર, દરરોજ સવારે જ્યારે હું પૂજા કરું છું. મારો બે વર્ષનો દીકરો મારા ખોળામાં બેસીને મારી સાથે હનુમાન ચાલીસા સાંભળે છે. આજે, અમે લોકો દેશથી દૂર છીએ, પરંતુ આપણે આપણી સંસ્કૃતિથી દૂર ન રહેવું જોઈએ.

પ્રધાનમંત્રી: સાચી વાત છે.

કેપ્ટન સ્મિત: અહીં, એવું લાગતું જ નથી કે અમે દેશથી દૂર છીએ. અહીંના લોકો ખૂબ પ્રેમ અને કાળજીથી અમારી સંભાળ રાખે છે.

પ્રધાનમંત્રી: તમને કદાચ ખબર નહીં હોય, લોકો સાવરકુંડલામાં પણ, વઢવાણમાં પણ, સૌએ ભાવુક વાતાવરણ બનાવ્યું છે, આખા ભારતમાં પણ. બધા મંદિરોમાં પૂજા-પ્રાર્થના- આરતી થઈ અને બધા તમારા લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે. ભારત તમારું સ્વાગત કરવા માટે ખૂબ ઉત્સુક છે.

પ્રધાનમંત્રી: હું સાઉદી અને UAE સરકારોનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું, કે તેમણે તમારી ખૂબ કાળજી લીધી. સ્મિત, જ્યારે પણ તમને મારી જરૂર હોય, ત્યારે હું બસ એક કૉલના અંતરે છું.

કેપ્ટન સ્મિત: થેન્ક્યૂ સર.

પ્રધાનમંત્રી: હું તમને મળીશ ત્યારે અંદરની વાતો પછી સાંભળીશ, કારણ કે હું તમારી સાથે ફોન પર આવી વાતો કરવા માંગતો નથી.

કેપ્ટન સ્મિત: ઠીક છે, સર.

પ્રધાનમંત્રી: તમે પણ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જાઓ, આખો દેશ તમારી સાથે છે.

કેપ્ટન સ્મિત: થેન્ક્યૂ સર.

પ્રધાનમંત્રી: ગોડ બ્લેસ યુ!

કેપ્ટન સ્મિત: થેન્ક્યૂ સર.





છેલ્લાં 10-12 વર્ષોમાં, મોબાઈલ ફોન... આધુનિક સંદેશાવ્યવહારના માધ્યમની સાથે-સાથે ગુડ ગવર્નન્સના એક મહત્વપૂર્ણ સાધન તરીકે પણ ઉભરી આવ્યો છે. અને તે આપણા ડિજિટલ ઈન્ડિયા વિઝનના મૂળમાં રહ્યો છે. **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ડિજિટલ કનેક્ટિવિટી ભવિષ્યની નવી દિશા

વિતેલા એક દાયકામાં, ભારતમાં ટેલિકોમ અને ડિજિટલ કનેક્ટિવિટીમાં અભૂતપૂર્વ વિસ્તરણ જોવા મળ્યું છે. દૂરના વિસ્તારોમાં ટેલિકોમ ટાવર અને ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક પહોંચવાથી ડિજિટલ અર્થતંત્રને નવી ગતિ મળી છે. આ ગતિને વધુ આગળ વધારવા માટે, ભારત આગામી દાયકા માટે તેની ડિજિટલ અને ટેલિકોમ યાત્રા માટે રોડમેપ તૈયાર કરી રહ્યું છે. ઈન્ડિયા મોબાઇલ કોંગ્રેસના 10મા સંસ્કરણનું ઉદ્ઘાટન કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે IMCનો ઉદ્દેશ્ય એક એવું પ્લેટફોર્મ તૈયાર કરવાનો છે જે ટેકનોલોજી, સંશોધન, ઉદ્યોગ, રોકાણ અને વિચારોનું એક જંકશન બની શકે...

ભારતની પ્રગતિ અને સપનાનું પ્લેટફોર્મ, એટલે કે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસનું આયોજન 7 થી 10 ઓક્ટોબર દરમિયાન થયું હતું. ઉદ્ઘાટન સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિતેલા દાયકામાં ભારતના ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સતત વિસ્તરણ થયું છે. દૂરના વિસ્તારોમાં ટાવર લગાવવામાં આવ્યા, ઓપ્ટિકલ ફાઈબરનું અભૂતપૂર્વ વિસ્તરણ થયું અને ડેટા પણ સસ્તો થયો. આનાથી અર્થતંત્રના નવા ક્ષેત્રોનું પણ નિર્માણ થયું. તેનાથી ટેકનોલોજી, મનોરંજન અને શિક્ષણ ક્ષેત્રોમાં નવા ગ્રાહકો બન્યા છે અને ક્રિએટરોની નવી પેઢી પણ ઉભી થઈ છે. ટેલિકોમ ક્ષેત્રમાં આવેલી ક્રાંતિનો સીધો ફાયદો ભારતીય નાગરિકોને થયો છે. ભારત, ભાષાકીય અને ભૌગોલિક બંને રીતે વિવિધતાથી ભરેલો દેશ છે. મોબાઈલ કનેક્ટિવિટીએ આ વિવિધતામાં સુવિધા પણ ઉમેરી છે. પહેલાં, મોટાભાગની બેંકો, હોસ્પિટલો અને સરકારી કચેરીઓ તાલુકા અથવા જિલ્લા સ્તરે રહેતા હતા. આનો અર્થ એ થયો કે કોઈપણ કાર્ય કરવા અથવા સરકારી સેવાઓ મેળવવામાં લોકોના પૈસા અને સમય બંને ખર્ચાતા હતા. ડિજિટલ ગવર્નન્સે આ પરિસ્થિતિ બદલી નાખી છે. આજે, સેંકડો સરકારી સેવાઓ મોબાઈલ ફોન પર ઉપલબ્ધ છે. સરકારી સહાય હવે સીધી લાભાર્થીઓના ખાતામાં જાય છે.

કોવિડ દરમિયાન, બધું જ ઠપ્પ થઈ ગયું હતું, પરંતુ ભારતમાં ઓફિસો, બેંકો અને શિક્ષણ ચાલુ રહ્યા હતા. ભારતની ડિજિટલ ઇકોસિસ્ટમને કારણે આ શક્ય બન્યું હતું. મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી શિક્ષણ, આરોગ્ય, ચુકવણી અને સરકારી સેવાઓ સરળતાથી ચાલતા રહ્યા હતા. ઑનલાઈન શિક્ષણ માટે 'દીક્ષા' પ્લેટફોર્મ

IMC 2026ની થીમ "સીમાઓથી આગળ વિસ્તરણ"

- સૃષ્ટિ: ભવિષ્યનું નિર્માણ
- સંવર્ધન: વિકાસને વેગ આપવો
- સશક્ત: તકોનું વિસ્તરણ
- સુરક્ષા: વિશ્વાસનું મજબૂતીકરણ

IMC 2026ના ચાર મુખ્ય સ્તંભો છે:



ડિજિટલ ઇકોસિસ્ટમની શક્તિનાં ઉદાહરણો...

- પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ ખેડૂતોના બેંક ખાતાઓમાં 4 લાખ કરોડ રૂપિયાથી વધુ ટ્રાન્સફર કરાયા.
- DBT દ્વારા લગભગ 50 લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર થયા.
- આ વ્યવસ્થાથી સરકાર એટલે કે સામાન્ય માણસના 5 લાખ કરોડ રૂપિયા લીકેજથી બચાવ્યા.
- ભારતમાં 50 કરોડથી વધુ લોકો કોઈને કોઈ રીતે ગેમિંગ ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા છે.
- ભારતમાં 5.5 લાખથી વધુ બેઝ સ્ટેશન છે, જેમાંથી 5G નેટવર્ક કાર્યરત છે.
- દેશમાં મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ 2022ની સરખામણીમાં 10 ગણી વધી છે.

2026 સંસ્કરણમાં આવરી લેવાયેલા

નવ મુખ્ય ક્ષેત્રો

- 5G અને 6G
- નેક્સ્ટ-જનરેશન AI નેટવર્ક
- સેમિકન્ડક્ટર્સ
- બિન-સ્થળીય નેટવર્ક
- સાયબર સુરક્ષા
- ક્વોન્ટમ કોમ્યુનિકેશન્સ
- ઉદ્યમ પરિવર્તન
- ચક્રીય અર્થતંત્ર
- ESG અને ઈલેક્ટ્રોનિક્સ વિનિર્માણ



નવમી મોબાઈલ કોંગ્રેસનું ધ્યાન...

- સ્માર્ટ મોબિલિટી
- સ્ટેડિયમ અનુભવ
- ઔદ્યોગિક રોબોટિક્સ
- પરિવહન ટેકનોલોજી

IMC 2026ની મુખ્ય બાબતો...

100 કરતાં વધુ દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા

1.5 લાખથી વધુ સહભાગીઓએ ભાગ લીધો

900 કરતાં વધુ વિચારકોની સહભાગીતા

600 કરતાં વધુ સ્ટાર્ટઅપ

500 કરતાં વધુ સહભાગી અને પ્રદર્શકો

120 કરતાં વધુ સત્રો

ટેકનોલોજીનું સિટીઝન ડિવિડન્ડ

મોબાઈલ ફોન ફક્ત ચૅટિંગનું માધ્યમ નથી



છે. કોવિડ દરમિયાન, આ પ્લેટફોર્મે જુલાઈ 2022 સુધીમાં 500 કરોડથી વધુ શિક્ષણ સત્રો અને આશરે 6 હજાર કરોડ શિક્ષણ મિનિટો રેકોર્ડ કરી હતી. હવે પ્રયાસ એ છે કે, લગભગ 25 કરોડ વિદ્યાર્થીઓને જેટલા પણ ડિજિટલ અને ઑનલાઈન શિક્ષણ માધ્યમો છેતેની સાથે જોડવામાં આવે.■

પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.



કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC)નો શતાબ્દી સમારંભ

લોક-કેન્દ્રિત શાસન

સુશાસનની ઓળખ

વિકસિત ભારત માટે દેશને જે પ્રકારના ગવર્નન્સની જરૂર છે, તેનું એક મુખ્ય માધ્યમ કેન્દ્રીય જાહેર સેવા આયોગ અને રાજ્યોનાં પસંદગી આયોગ છે. એટલું જ નહીં, UPSC એ તેના પ્રથમ 100 વર્ષમાં તેની વિશ્વસનીયતાને સતત મજબૂત બનાવી છે. સ્વતંત્રતા, નિષ્પક્ષતા, યોગ્યતા, ગોપનીયતા અને નિષ્પક્ષ પ્રક્રિયા તેની મુખ્ય ઓળખ છે. 1 ઓક્ટોબરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા UPSC શતાબ્દી સમારંભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની નવી કાર્ય સંસ્કૃતિ માટે બતાવ્યા ત્રણ મંત્રો: લોક-કેન્દ્રિત વિચારસરણી, સક્રિયતા અને સુશાસન...

કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC)ની સ્થાપના 1926માં થઈ, ત્યારે તેની પ્રાથમિકતાઓ અલગ હતી. તે સમયે, વ્યવસ્થાનું ફોકસ અને તેનું સમર્પણ બંને બ્રિટીશ રાજ પ્રત્યે હતા. દેશ આઝાદ થયો એટલે આઝાદ ભારતના સપનાં અને ભારતીય વ્યવસ્થા કેન્દ્રમાં આવ્યા અને વિતેલા દાયકાઓમાં UPSCએ ઉત્કૃષ્ટ રીતે પોતાની જવાબદારીઓ નિભાવી છે. આ કાર્યક્રમમાં બોલતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે UPSCની 100મી વર્ષગાંઠના અવસરે, એક વારસાનો ઉત્સવ પણ છે. આ ઉત્સવ એ આકાંક્ષાઓનો છે જે લાખો યુવાનો દર વર્ષે જીવે છે. આ દરેક ભારતીયના આ સંસ્થામાં વિશ્વાસનો ઉત્સવ છે. આ 100 વર્ષની સફરમાં, પેઢીઓ બદલાઈ ગઈ, સરકારો બદલાઈ ગઈ, ટેકનોલોજી બદલાઈ ગઈ અને અભ્યાસક્રમ બદલાયો, પરંતુ UPSC પરનો વિશ્વાસ આજે પણ અટલ છે અને આ તમારા બધા માટે એક મોટી સંપત્તિ છે.

સાહસ, શાણપણ અને સમર્પણનું દૃષ્ટાંત

આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્લાય-દુબઈની ફ્લાઈટ FZ1073 પર બહાદુરી બતાવનારા કેપ્ટન સ્મિત મચ્છરના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે ભારતના કેપ્ટન સ્મિતે જે પ્રકારે ધીરજ, શાણપણ અને સાહસનો પરિચય કરાવ્યો છે તેનાથી, ઈઝરાયલના પ્રધાનમંત્રીએ કહ્યું હતું તેમ, 9/11 જેવી ઘટના થતી અટકાવી શકાઈ હતી. દેશના દરેક નાગરિક માટે, સ્મિતની

> ***આપણે ભૂતકાળમાં એક એવો સમય જોયો છે જ્યારે એવું માનવામાં આવતું હતું કે સરકાર આપણી માઈ-બાપ છે. પરંતુ આજે એવો યુગ છે જેમાં આપણો મંત્ર છે, "નાગરિક દેવો ભવઃ" એટલે કે, દેશના નાગરિકો આપણા માટે દેવતાઓથી ઓછા નથી. આપણા માટે નાગરિકોની સેવા જ સર્વોપરી છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



પીએમ મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.

સ્મૃતિ સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડી

- UPSC શતાબ્દી સ્મૃતિ સિક્કો, એક સ્મૃતિ ટપાલ ટિકિટ અને 'ભારતમાં UPSC અને જાહેર સેવા આયોગની નીતિઓને આકાર આપનારા 100 ઐતિહાસિક નિર્ણય' નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત મંડપમ ખાતે કેન્દ્રીય જાહેર સેવા આયોગની 100 વર્ષની સફર પર આધારિત એક પ્રદર્શનની પણ મુલાકાત લીધી.
- આ કાર્યક્રમ ગયા વર્ષે 1 ઓક્ટોબરથી શરૂ થયેલા આખુ વર્ષ ચાલનારા કાર્યક્રમના સમાપન પ્રસંગ અને 1926માં સ્થાપિત UPSCની 100મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં યોજવામાં આવ્યો હતો.
- આ કાર્યક્રમમાં રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષો અને સભ્યો, ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ, શિક્ષણવિદો, UPSC અધિકારીઓ અને દેશભરના અન્ય હિતધારકોએ ભાગ લીધો હતો.
- આ કાર્યક્રમ UPSC દ્વારા 30 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબર 2026ના રોજ યોજાયેલા બે દિવસીય કાર્યક્રમનો ભાગ હતો.
- પ્રથમ દિવસે, ભારત મંડપમ ખાતે 'શતાબ્દી સમારંભ – મંથન'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રખ્યાત વક્તાઓએ સંબોધન આપ્યા બાદ વિવિધ વિષયો પર પેનલ ચર્ચાઓ યોજાઈ હતી.

પ્રતિભાઓનો વિશાળ સમૂહ

1976

- 1976માં, UPSCનાં 50 વર્ષ પૂરા થયા હતા તે સમયની સરખામણીએ, અત્યારે પરીક્ષા આપનારાઓની સંખ્યામાં 45 ગણો વધારો થયો છે.

1952

- 1952માં, જાહેર સેવાઓમાં મહિલા ઉમેદવારોની સંખ્યા માત્ર 3 ટકા હતી. આજે, તે વધીને 30 ટકાથી વધુ થઈ ગઈ છે.

2014

- UPSCના સમગ્ર ઈતિહાસમાં, ચાર મહિલા અધ્યક્ષ રહ્યાં છે. આમાંથી 3 મહિલા અધ્યક્ષો 2014 પછી બન્યાં છે.

બહાદુરી આપણને ગૌરવથી છલકાવી દે છે. તેમણે કહ્યું કે હું દેશવાસીઓને વિનંતી કરું છું કે આપણે બધા સ્મિતના લાંબા આયુષ્ય માટે, સ્મિતના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે અને ભારતનું ગૌરવ વધારનારા ભાઈ સ્મિતને અભિનંદન આપે. ■

પીએમ જનમનનાં ત્રણ વર્ષ

આદિવાસી સમુદાયનો ઉત્કર્ષ...

ગૌરવ ગાનથી ભાવિ પેઢીને પ્રેરણા

"મારા દેશની ભાવિ પેઢીઓને ખબર હોવી જોઈએ કે મારા આદિવાસી ભાઈઓ જંગલોમાં, પર્વતોમાં રહ્યા, તેમની પાસે પહેરવા માટે કપડાં નહોતા, પરંતુ ભારત માતાની આઝાદી માટે બલિદાન આપવામાં ક્યારેય પાછા પડ્યા નથી. તેમનું સન્માન હોવું જોઈએ, તેમનું ગૌરવ હોવું જોઈએ અને ભાવિ પેઢીઓએ તેમનામાંથી પ્રેરણા લેવી જોઈએ." જનજાતીય સમુદાયોના સશક્તીકરણના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચારને પરિણામે 15 નવેમ્બર 2021થી જનજાતીય ગૌરવ દિવસ ઉજવવાની શરૂઆત થઈ. સાથે જ, 75 વિશેષરૂપે નબળા જનજાતીય સમૂહોના ઉત્કર્ષ માટે 2023માં પીએમ જનમન એટલે કે પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહાભિયાન શરૂ કરવામાં આવ્યું...

ભારતમાં 750 આદિવાસી સમૂહો છે જેમની વસ્તી 2011ની વસ્તી ગણતરી મુજબ 10.45 કરોડ છે. આમાંથી 75 જનજાતીય સમૂહો વિશેષરૂપે નબળા છે. જનજાતીય સમુદાયોના ઉત્કર્ષ માટે અનામત મળ્યું, પરંતુ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળ સરકાર રચાઈ ત્યારે જ આ સમુદાય પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ સમાજની આશાઓ અને આકાંક્ષાઓને સમજવાના ગંભીર પ્રયાસો કરાયા. જનજાતીય સમુદાયોના ઉત્કર્ષ અને સમૃદ્ધિ માટે 1999માં એક અલગ મંત્રાલયની રચના સાથે 89મા બંધારણીય સુધારા દ્વારા રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગની સ્થાપના કરીને તેમનાં હિતોને સુનિશ્ચિત કરવાની પહેલ કરવામાં આવી. આ પહેલને ચાલુ રાખીને, છેલ્લાં 12 વર્ષમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકારે આદિવાસી સમુદાયોનું ગૌરવ ગાન શરૂ કર્યું જેથી ભાવિ પેઢીઓ આ સમુદાયના યોગદાનને સમજી શકે. જનજાતીય સ્વાતંત્ર્ય સેનાની અને બ્રિટિશ શાસન વિરોધી આંદોલનકારી બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે 15 નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસ ઉજવવામાં આવે છે. બિરસા મુંડાનો જન્મ 1874માં થયો હતો. તેમની 150મી જન્મજયંતિ નિમિત્તે 2024-25નું વર્ષ આદિવાસી ગૌરવ વર્ષ તરીકે પણ ઉજવવામાં આવ્યું હતું.

> ***અટલજીની સરકારે આદિવાસી સમાજ માટે એક અલગ મંત્રાલય બનાવ્યું, અલગ બજેટ બનાવ્યું. અમારી સરકારના સમયમાં, આદિવાસી કલ્યાણ બજેટ હવે પહેલાંની સરખામણીએ 6 ગણા સુધી વધી ગયું છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



પીએમ જનમન... સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો

ભારત સરકારે જનજાતીય સમુદાયો માટે પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહાભિયાન (પીએમ જનમન) અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DAJGUA) સહિત ઘણી યોજનાઓ



ધરતી આબા આદિવાસી ગામ ઉત્કર્ષ અભિયાન હેઠળ ઉત્કર્ષનાં 25 પગલાં

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2 ઓક્ટોબર 2024ના રોજ ધરતી આબા આદિવાસી ગામ ઉત્કર્ષ અભિયાન શરૂ કર્યું, જેમાં 17 મંત્રાલયો જનજાતીય સમુદાયો સંબંધિત ગામડાઓ અને સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવા માટે કામ કરી રહ્યા હતા. આ અભિયાનનો ઉદ્દેશ આગામી પાંચ વર્ષમાં 63,843 ગામડામાં આરોગ્ય, શિક્ષણ અને આંગણવાડી સુવિધાઓની સુલભતામાં સુધારો કરવા સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અંતરાયને દૂર કરવા માટે 25 ઉપાયો કરવાનો છે. આ અભિયાનમાં 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 549 જિલ્લાઓમાં રહેતા 5 કરોડથી વધુ લોકોને લાભ આપીને, તેમને આજીવિકાની તકો પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે.

20 લાખ ઘરો PMAY-G યોજના હેઠળ આપવામાં આવશે.

25 લાખ LPG કનેક્શન PM ઉજ્જવલા યોજના હેઠળ આપવામાં આવશે.

25,000 કિમી રસ્તાઓ બનાવવામાં આવશે.

1,000 મોબાઈલ મેડિકલ યુનિટ શરૂ કરવામાં આવશે.

- હર ઘર નલ યોજના હેઠળ તમામ ગામડા આવરી લેવાશે.
- 2,000 સંસ્થામાં PM સૂર્ય ઘર સોલર રૂફટોપ.
- 2,000 નવી આંગણવાડીઓ પોષણ 2.0 હેઠળ ખોલાશે.
- 1,000 હોસ્ટેલ સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ બનશે.
- 1,000 વન ધન વિકાસ કેન્દ્રો અને 30 કૌશલ્ય કેન્દ્રો.
- 700 પોષણ ઉદ્યાનો અને 1,000 હોમ સ્ટે.

પીએમ જનમન હેઠળ કરાયેલા ઉપાય

ઉપાય	સ્વીકૃત સંખ્યા
PMAY-Gમાં આવાસ	**4.82** લાખ
PMGSYમાં રસ્તાઓ	**7992** કિ.મી.
JJMમાં મંજૂર ગામો	**18,756**
હરતાફરતા ચિકિત્સા એકમો	**831**
સ્વીકૃત આંગણવાડી કેન્દ્રો	**2,498**
સર્વ શિક્ષા અભિયાનમાં મંજૂર કાર્ય	**500**
વિદ્યુતીકરણ માટે સ્વીકૃત આવાસ	**1.54** લાખ
સંચાર કવરેજ માટે પસંદ કરેલી વસાહતો	**4,347**
વિકાસ કેન્દ્રો અને બહુહેતુક કેન્દ્રો	**1,540**
વન ધન વિકાસ કેન્દ્રો	**500**

શરૂ કરી સમાવેશ છે, જેનાથી જનજાતીય સમુદાયોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારી રહી છે. 2023માં 'જનજાતીય ગૌરવ દિવસ' પર પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરાયેલા પીએમ જનમન અભિયાનનો ઉદ્દેશ્ય દેશના PVTG સમુદાયોના લોકોના વ્યાપક વિકાસને સુનિશ્ચિત કરવાનો છે. આ અભિયાન હેઠળ 24 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવી રહ્યા છે. આમાં સુરક્ષિત આવાસ, સ્વચ્છ પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય અને પોષણની સુલભતા, માર્ગ અને ટેલિકોમ્યુનિકેશન કનેક્ટિવિટી, વીજળી વિનાના પરિવારો માટે ઘરોનું વીજળીકરણ અને ટકાઉ આજીવિકાની તકો પૂરી પાડવાનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ, નવ મંત્રાલયો સંયુક્ત રીતે PVTG સમુદાયોના ઉત્કર્ષ માટે 11 પગલાં અમલમાં મૂકી રહ્યા છે.

મોબાઇલ એપ દ્વારા આંકડા એકઠા કર્યા

PM જનમન હેઠળ આવરી લેવામાં આવેલા ગામડાઓ અને વસાહતોમાં રહેતા PVTG સમુદાયોની વસ્તીના આંકડા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિની વિગતો એકઠી કરવા માટે PM ગતિશક્તિ મોબાઈલ એપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આંકડા દર્શાવે છે કે 19 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 12.36 લાખ PVTG વસાહતો છે, જેમાં તેમની વસ્તી 48.52 લાખ છે. 75 વિશેષરૂપે નબળા જનજાતીય સમૂહો (PVTG) સમુદાય વાસ્તવમાં, આદિવાસી સમુદાયોમાં પણ અતિ પછાત છે, જે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સતત અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. ■



બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન

પાવર ટુ એમ્પાવર

વાત એ નથી કે કોની પાસે તાકાત છે, પરંતુ એ છે કે તેનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે. શું ટેકનોલોજી ફક્ત થોડા લોકોને જ મળશે, કે તેનાથી લાખો લોકો માટે નવી તકો ઉભી થશે? શું જ્ઞાન થોડા લોકો સુધી મર્યાદિત રહેશે, કે તે દરેકની ક્ષમતાઓમાં વધારો કરશે? આ સવાલોના જવાબ આપતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 13 ઓક્ટોબરના રોજ નવી દિલ્હીમાં બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં કહ્યું - આજે હું અહીં એક એવા વિઝન સાથે આવ્યો છું જે છે, પાવર ટુ એમ્પાવર...

આ પણા દેશમાં કહેવાય છે, "'विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परि-पीडनाय । खलस्य साधोः विपरीतम् एतत् ज्ञानाय दानाय च रक्षणाय ॥". આનો અર્થ એ છે કે જેની પાસે જ્ઞાન, સંપત્તિ અને શક્તિ છે, તે તેનો ઉપયોગ કેવી રીતે કરે છે તે મહત્વપૂર્ણ છે. એટલે કે, શક્તિનું સાચું મૂલ્ય તેના હેતુમાં રહેલું છે અને આજના સમયમાં આ વિચાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, પાવર ટુ એમ્પાવર કરવાની માનવીય ભાવના ફક્ત બીજાઓને ઉપદેશ આપવા માટે નથી. તે આપણી હજારો વર્ષોની પરંપરા દ્વારા આપણને શીખવવામાં આવી છે. ભારતમાં, આપણે આપણા શાસન અને આપણી કાર્ય-સંસ્કૃતિમાં તેનો અમલ કરી બતાવ્યો છે.

કનેક્ટિવિટી તકોને પણ કનેક્ટ કરી

12-13 વર્ષ પહેલાં સુધી, ભારતમાં મોબાઈલ ફોન અને ઈન્ટરનેટનો ઍક્સેસ પોતાની રીતે જ એક શક્તિ હતી. 2014 પછી, જ્યારે ભારતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બની, ત્યારે ભારતે મોબાઈલ ડેટાને સસ્તો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામે, આજે નાના શહેરમાં એક વિદ્યાર્થી પણ ડિજિટલ શિક્ષણ સાથે જોડાઈ રહ્યો છે. એક નાના ગામડાનો દુકાનદાર પણ નવા ગ્રાહકો સુધી પહોંચી રહ્યો છે. એક યુવાન પણ ઑનલાઈન નવા અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે. એટલે કે ભારતમાં કનેક્ટિવિટીએ લોકોને જોડવાની સાથે-સાથે, તેમને સોનેરી તકો સાથે પણ જોડ્યા છે. આ પાવર ટુ એમ્પાવર છે.

ડિજિટલ પાવર મુખ્ય ભૂમિકા

100 કરતાં વધુ ભાષા

1,000+ સેટેલાઇટ ટીવી ચેનલો

80,000 નોંધાયેલા અખબારો

50+ કરોડ યુટ્યૂબ યુઝર

50 કરોડથી વધુ ઈન્સ્ટાગ્રામ યુઝર



સ્ટાર્ટઅપ

2.50 લાખથી વધુ સ્ટાર્ટઅપ

45%+ સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર

દરેક યુગમાં પાવરના પોતાના સ્રોત રહ્યા છે, પોતાની પરિભાષા રહી છે. પરંતુ 21મી સદીમાં, ખાસ કરીને આ ત્રીજા દાયકામાં, એક મોટું પરિવર્તન થઈ રહ્યો છે. આજે, ટેકનોલોજી, ડેટા, જ્ઞાન અને ઈનોવેશન જ શક્તિ છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

આ વર્ષની બ્લૂમબર્ગ ઈકોનોમી ફોરમની થીમ દુનિયામાં ઉભરતા નવા પાવર પર કેન્દ્રિત.

ભારતે આપ્યું છે -

- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન
- આપદા પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન
- બિગ કેટ એલાયન્સ
- ગ્લોબલ બાયોફ્યૂઅલ એલાયન્સ
- ઈન્ડિયા મિડલ ઈસ્ટ યૂરોપ ઈકોનોમિક કોરિડોર - આઈ-મેક
- મિશન LiFE: લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ અર્થાત્ જેનાથી સૌનું ભલું થાય.

ભારત આ વિચારોને સામને લાવ્યું

- એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ.
- વન અર્થ, વન ફેમિલી, વન ફ્યૂચર.
- આમાં પણ, પાવરનો ઉપયોગ બીજાને એમ્પાવર કરવા માટે જ થાય છે.

700+ અબજ ડૉલર વિદેશી હૂંડિયામણ

- આજે ભારત પાસે 700 અબજ ડૉલરથી વધુનો વિદેશી હૂંડિયામણ ભંડાર છે.
- આ નાણાકીય વર્ષે એપ્રિલ-જૂન ત્રિમાસિકગાળામાં ભારતનો વૃદ્ધિ દર 7.8% હતો.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

એશિયન રમતોત્સવ 2026માં ભારતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

શાનદાર સફર
યાદગાર સિદ્ધિ

જ્યારે દેશનું સર્વોચ્ચ નેતૃત્વ જાતે આગળ વધીને રમતગમત અને ખેલાડીઓના કલ્યાણ માટે વિચારે અને કામ કરે, ત્યારે માત્ર પરિસ્થિતિ જ નથી બદલાતી પરંતુ તેના પરિણામો પણ સારાં આવે છે. આ જ કારણે ભારતીય રમતવીરોએ છેલ્લા 12 વર્ષમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી રમતગમતના મંચ પર દેશનું ગૌરવ વધાર્યું છે. એશિયન રમતોત્સવ 2026માં પણ આ જોવા મળ્યું, જ્યાં ભારતે 21 સુવર્ણ, 27 રજત અને 37 કાંસ્ય ચંદ્રકો જીતીને સાથે ચંદ્રકોના કોષ્ટકમાં ચોથું સ્થાન મેળવ્યું...



દરેક જીતમાં તિરંગો, દરેક ચંદ્રકમાં ભારતનું ગૌરવ સમાવીને ભારતે એશિયન રમતોત્સવ 2026માં 85 ચંદ્રકો સાથે પોતાના અભિયાનનું સમાપન કર્યું. ભારતીય રમતવીરોના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને ઐતિહાસિક સિદ્ધિઓ દ્વારા અંકિત થયેલી આ સફર દેશ માટે યાદગાર હતી. ભારત આઈચી-નાગોયા રમતોત્સવમાં 21 સુવર્ણ, 27 રજત અને 37 કાંસ્ય ચંદ્રકો સાથે 85 ચંદ્રક જીતીને ચોથા ક્રમે રહ્યું. એશિયન રમતોત્સવના ઈતિહાસમાં દેશનો બીજો સૌથી વધુ ચંદ્રકો જીતવાનો વિક્રમ છે. સમાપન સમારંભમાં રમતવીરોની પરેડ અને રમતોના ઔપચારિક સમાપન સહિત અનેક પરંપરાગત કાર્યક્રમો યોજાયા હતા.



ભારતે એથ્લેટિક્સમાં 24, શૂટિંગમાં 15 ચંદ્રક જીત્યા

ભારત તરફથી અનેક ઐતિહાસિક વ્યક્તિગત પ્રદર્શન પણ જોવા મળ્યા. પ્રણવી ઉર્સ એશિયન રમતોત્સવમાં ગોલ્ફમાં વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની, જ્યારે 17 વર્ષીય કુમકુમ મોહદે ખંડીય સ્પર્ધામાં વ્યક્તિગત રિકર્વ સુવર્ણ ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા બનીને ઈતિહાસ રચ્યો. ઉપરાંત, લવલીના બોરગોહેન પણ એશિયન રમતોત્સવમાં બોક્સિંગમાં મેરી કોમ પછી સુવર્ણ ચંદ્રક જીતનારી બીજી ભારતીય મહિલા બની. ભારતે એથ્લેટિક્સમાં સૌથી વધુ 24 ચંદ્રકો જીત્યા, જ્યારે શૂટિંગમાં 15 ચંદ્રકો જીત્યા. સુવર્ણ ચંદ્રકો જીતવામાં તીરંદાજી સૌથી સફળ રમત હતી, જેમાં ભારતે પાંચ ચંદ્રકો જીત્યા.





એશિયન રમતોત્સવ 2026ના સમાપન પ્રસંગે, હું ભારતીય ટુકડીના દરેક સભ્યને અભિનંદન આપું છું, જેમણે દૃઢ સંકલ્પ, જુસ્સા અને નોંધપાત્ર રમતની ભાવના સાથે આપણા દેશનું પ્રતિનિધિત્વ કર્યું. આપણા બધા ચંદ્રક વિજેતાઓને અભિનંદન, જેમના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી રાષ્ટ્રને અપાર આનંદ થયો છે. આશા છે કે આવનારા વર્ષોમાં આ રમતોમાં વધુ મોટી સિદ્ધિઓ મેળવવા પ્રેરણા આપશે. સાથે જ, તે પાયાના સ્તરે રમતગમતને મજબૂત બનાવવામાં પણ યોગદાન આપશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ભારતના નામે અનેક ઐતિહાસિક સિદ્ધિઓ

જાપાનમાં ભારતનું અભિયાન અનેક ઐતિહાસિક સિદ્ધિઓ અને વિવિધ રમતોમાં સફળતાપૂર્વક ખિતાબ બચાવી રાખવાની સિદ્ધિ સાથે ખાસ રહ્યું. પુરૂષો અને મહિલા ક્રિકેટ ટીમોએ તેમના એશિયન રમતોત્સવ ખિતાબ જાળવી રાખ્યા, જ્યારે બંને કબડ્ડી ટીમોએ પણ સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. પુરૂષોની હોકી ટીમે મલેશિયા સામે 5-1 થી વિજય મેળવીને સફળતાપૂર્વક પોતાનો ખિતાબ બચાવ્યો હતો, જ્યારે મહિલા ટીમે ફાઈનલમાં ચીનને 1-0 થી હરાવીને એશિયન રમતોત્સવમાં સુવર્ણ ચંદ્રક જીતવાની 44 વર્ષની પ્રતીક્ષાનો અંત લાવી દીધો હતો. ■





ભારતીય રમતવીરોની ટુકડી સાથે પીએમની મુલાકાત

ખેલાડીઓ તિરંગાનું સન્માન વધાર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઓક્ટોબરની સાંજે દિલ્હીના મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે 2026 એશિયન રમતોત્સવમાં ભાગ લેનારી ભારતીય ટુકડી સાથે સંવાદ કર્યો હતો. તેમણે આ પ્રસંગે ભારતીય ટુકડીને સંબોધન પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રમતવીરો, તેમના કોચ, સહાયક કર્મચારીઓ, ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ, રાષ્ટ્રીય રમતગમત સંઘોના પ્રતિનિધિઓ અને યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના અધિકારીઓ હાજર રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે મહિલા હોકી ટીમે સુવર્ણ ચંદ્રક જીતવાથી 44 વર્ષની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. ક્રિકેટમાં બંને ટીમોએ સતત બીજી વખત સુવર્ણ ચંદ્રક જીત્યા છે. દેશે 28 વર્ષ પછી વેઇટલિફ્ટિંગમાં ચંદ્રક જીત્યો છે. મહિલા ખેલાડીઓની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે દેશે કુલ 85 ચંદ્રકો જીત્યા છે, જેમાંથી 38 ચંદ્રકો દીકરીઓ જીતી છે. આ ચંદ્રકો ફક્ત આંકડો નથી પરંતુ એક નવા ભારતની સશક્ત તસવીર છે. ■

ભારતે છેલ્લાં 12 વર્ષમાં ખૂબ ધીરજ અને ખંત સાથે તેની રમતગમત ઇકોસિસ્ટમ પર કામ કર્યું છે.

> ***તમે આપણા તિરંગાનું સન્માન વધાર્યું છે અને તેથી, તમારી સફળતા ફક્ત તમારી નહીં પરંતુ આ દેશના લાખો નાગરિકોની સફળતા છે. હું બધા દેશવાસીઓ વતી, તમને બધાને અભિનંદન પાઠવું છું.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



લદ્દાખની પ્રગતિ અને વિકાસ

વધુ એક પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે

લદ્દાખમાં વિકાસ અને સશક્તિકરણનો એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે, જેના કેન્દ્ર સ્થાને તેની યુવા પેઢી છે. સ્થાનિક સ્તરે યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ટેકનિકલ કૌશલ્ય પ્રદાન કરવા માટે લેહમાં 'સેન્ટર ઓફ એક્સેલન્સ'ની સાથે-સાથે IIT અને IIM જમ્મુના સેટેલાઈટ કેમ્પસનો પ્રસ્તાવ મૂકવામાં આવી રહ્યો છે. પર્યાવરણનું જતન થાય તે રીતે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે એક નવું એરપોર્ટ ટર્મિનલ શરૂ કરવાથી પર્યટનને વેગ મળશે. આ માટે, 15 ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 3,350 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું...

હજારો કરોડ રૂપિયાની પરિયોજનાઓના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સરકારનું ખાસ ધ્યાન લદ્દાખની નવી પેઢી પર છે. અહીંના યુવાનો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે, નવી ટેકનોલોજી શીખવાની તેમને તક મળે અને અન્ય શહેરો પર નિર્ભરતા ટાળે એ સુનિશ્ચિત કરવા માટે સરકાર કામ કરી રહી છે. આ કારણે જ લેહમાં એક મુખ્ય સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવવામાં આવી રહ્યું છે. જમ્મુ IIT અને IIMના સેટેલાઈટ કેમ્પસ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ પણ આગળ ધપાવવામાં આવી રહ્યો છે. આનાથી લદ્દાખના યુવાનોને તેમના પોતાના પ્રદેશમાં ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને નવા કૌશલ્યો માટે વધુ સારી તકો મળશે.

કેન્દ્ર સરકાર પર્યાવરણની સંભાળ રાખી શકાય તે રીતે વખતે લદ્દાખમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે પ્રયત્નશીલ છે. પ્રધાનમંત્રી મોદીએ લદ્દાખને નિમ્મુ-પદુમ-દારચા રોડનું લોકાર્પણ કર્યું. તેના નિર્માણમાં આશરે 2,500 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. અગાઉ આ મુસાફરીમાં લગભગ 12 કલાક લાગતા હતા, હવે લગભગ 3 કલાકમાં પૂરી થશે. આ રસ્તાથી મુસાફરીનો સમય બચશે અને વેપાર તથા વ્યવસાયને ઘણો ફાયદો પણ થશે.

લદ્દાખને 3,350 કરોડ રૂપિયાની પાંચ મોટી પરિયોજનાઓની ભેટ

- નિમ્મુ-પદુમ-દારચા માર્ગ: 298 કિમી લાંબા વ્યૂહાત્મક માર્ગનું રાષ્ટ્રને લોકાર્પણ.
- નવું એરપોર્ટ ટર્મિનલ: કુશોક બકુલા રિમ્પોચી એરપોર્ટ પર 640 કરોડ રૂપિયાના ખર્ચે બનેલું આધુનિક 23,800 ચોરસ મીટર ટર્મિનલનું ઉદ્ઘાટન કરાયું (વાર્ષિક ક્ષમતા: 35 લાખ મુસાફર).
- વીજળી અને ઊર્જા: 9 મેગાવૉટની હનુ લઘુ જળવિદ્યુત પરિયોજના અને 66 કિલોવૉટની ડબલ સર્કિટ દાહ-હનુ-ખાલત્સી ટ્રાન્સમિશન લાઇનનું ઉદ્ઘાટન કરાયું.
- જળ સંરક્ષણ: 'હિમ સરોવર' પરિયોજના હેઠળ 40 ગામમાં 40 જળાશયોનું રાષ્ટ્રને લોકાર્પણ કરાયું. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.



વારસો અને ભવિષ્ય

માટેની આકાંક્ષાઓ સાથે આગળ વધતું ભારત

ભારત તેના વારસાનું જતન કરવાની સાથે-સાથે ભવિષ્યની આકાંક્ષાઓ અને સપનાઓ અનુસરીને આગળ વધી રહ્યું છે. કાશી-તમિલ સંગમમ્ સંસ્કૃતિને જોડે છે, તો બીજી તરફ આધુનિક રેલવે અને ધોરીમાર્ગોથી રાજ્યોને ગતિ મળી રહી છે. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચેન્નાઈ પહોંચ્યા, જ્યાંથી તેમણે તમિલનાડુને 13,000 કરોડ રૂપિયાથી વધુની ભેટો આપી અને મસ્તિષ્ક અનુસંધાન કેન્દ્રનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું. સાથે જ, જયગોપાલ ગરોડિયા હિન્દુ વિદ્યાલય મેટ્રિક્યુલેશન ઉચ્ચ માધ્યમિક શાળાના સુવર્ણ જયંતિ સમારંભમાં, તેમણે યુવાનોને કહ્યું કે દેશમાં અપાર સંભાવનાઓ છે, તે મુજબ વ્યાપક કલ્પનામાં પોતાનું ભવિષ્ય જુઓ...

ભારત અથવા વિશ્વના કોઈપણ અન્ય દેશ માટે પ્રગતિનો સૌથી મજબૂત સ્તંભ, તેનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. યુવાનો તે દેશના ભવિષ્યના શિલ્પી હોય છે. આ જ કારણથી ભારત રેલવે, મેટ્રો રેલ, ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે દ્વારા ભાવિ પેઢીઓ માટે રેકોર્ડબ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી રહ્યું છે, તેમજ યુવાનો માટે શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓનું નિર્માણ પણ કરી રહ્યું છે. ચેન્નાઈના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ભારત પોતાની સાંસ્કૃતિક શક્તિઓમાંથી પ્રેરણા લે છે, વિજ્ઞાનની પ્રગતિ સાથે આગળ વધે છે અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા નવી તકોનું સર્જન કરી રહ્યું છે. આપણો વારસો અને ભવિષ્ય માટેની આપણી આકાંક્ષાઓ એકસાથે આગળ વધી રહ્યા છે.

વિતેલા એક દાયકામાં જ, ભારતે સમગ્ર દેશમાં તેના મેટ્રો નેટવર્કમાં નોંધપાત્ર વિસ્તરણ કર્યું છે. 2014માં, મેટ્રો રેલ ફક્ત પાંચ શહેરો સુધી સીમિત હતી, જ્યારે આજે તે 25 શહેરોમાં મેટ્રો રેલ સેવાઓ ઉપલબ્ધ છે. નેટવર્ક

રાજ્યના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસનો મજબૂત મંત્ર

- ચેન્નાઈમાં 13,000 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો અને રાષ્ટ્રને લોકાર્પણ કર્યું.
- આ પરિયોજનાઓ મેટ્રો રેલ, ધોરીમાર્ગો, રેલવે, બંદરો, પેટ્રોલિયમ અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રો સાથે સંબંધિત છે.
- ચેન્નાઈ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના પૂનામલ્લી-વડપલાની સેક્શનનો શુભારંભ કર્યો અને મેટ્રો ટ્રેનની સવારી પણ કરી.
- તમિલનાડુમાં આશરે 3,700 કરોડ રૂપિયાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન.
- 750 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું પણ રાષ્ટ્રને લોકાર્પણ. આમાં કરાઈકલ-પેશલમ રેલવે લાઈન સામેલ છે.
- કોઈમ્બતુર અને આસપાસના વિસ્તારોમાં ત્રણ રેલવે ઓવરબ્રિજનું રાષ્ટ્રને લોકાર્પણ અને પલાની, વેલ્લોર, છાવણી, અંબાસમુદ્રમ, પરમક્કુડી તથા નામક્કલમાં સ્થિત પાંચ અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કર્યું.
- ચેન્નાઈ, કામરાજાર અને વી.ઓ. ચિદમ્બરનાર બંદર સંબંધિત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ.
- IIT મદ્રાસ સ્થિત સુધા ગોપાલકૃષ્ણન મસ્તિષ્ક કેન્દ્રના રાષ્ટ્રને લોકાર્પણ સાથે જ એક અનોખા વૈશ્વિક વૈજ્ઞાનિક મિશનનો પણ પ્રારંભ કર્યો. તેનો ઉદ્દેશ્ય ભ્રૂણાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી માનવ જીવનના વિવિધ તબક્કામાં 100થી વધુ માનવ મસ્તિષ્કની કોશિકીય સ્તર પર ત્રિ-પરિમાણીય નકશો બનાવવાનો છે.



> ***25 વર્ષના આ સમયગાળા દરમિયાન, democracy ની બે શક્તિઓમાં મારો વિશ્વાસ સતત મજબૂત થયો છે. First – People of country! Second – Cooperative federalism! હું હંમેશા રાજ્યના વિકાસ દ્વારા દેશના વિકાસના મંત્ર સાથે આગળ વધ્યો છું.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

- એક સી-સ્ટ્રોક પણ બહાર પાડ્યો, જે પોતાની રીતે આ પ્રકારનો પ્રથમ માનવ ઈસ્કેમિક સ્ટ્રોક એટલાસ છે. તેમાં સ્ટ્રોકથી અસરગ્રસ્ત મગજના 1,000થી વધુ સૂક્ષ્મદર્શીય વિભાગોનું વિગતવાર વર્ણન સામેલ છે.


પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.

250 કિમીથી 1,100 કિમી સુધી પહોંચી ગયું છે. ચેન્નાઈ મેટ્રોનું નવું વિસ્તરણ આ નેટવર્કમાં વધુ ફેલાવો કરશે. આજે, દેશના બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે, જેનાથી શિપિંગ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સુધી પહોંચી શકે.


પ્રધાનમંત્રીએ સરકારના વડા તરીકેના પોતાના 25 વર્ષના કાર્યકાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, રાજ્ય સ્તરે તેમના કાર્યકાળે તેમના રાષ્ટ્રીય દૃષ્ટિકોણને આકાર આપ્યો. મુખ્યમંત્રી તરીકે સેવા આપવાથી તેમને રાજ્ય-સ્તરની અપેક્ષાઓ સમજવામાં મદદ મળી. તેથી, પ્રધાનમંત્રી બન્યા પછી, તે અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરવાની સાથે-સાથે દરેક રાજ્ય તેના મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરી શકે તે સુનિશ્ચિત કરવાનો પણ પ્રયાસ કર્યો.

ભારતીય યુવાનોમાં વિશ્વને ઉકેલો પૂરા પાડવાનું સામર્થ્ય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં જયગોપાલ ગરોડિયા હિન્દુ વિદ્યાલય મેટ્રિકયુલેશન ઉચ્ચ માધ્યમિક શાળાના સુવર્ણ જયંતિ સમારંભમાં ભાગ લીધો હતો. તેના સૂત્ર "સા વિદ્યા યા વિમુક્તયે" (જ્ઞાન મુક્તિ અપાવે છે)થી પ્રેરિત, આ શાળા એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાનો પ્રયાસ કરે છે જેઓ સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપે.



શિક્ષણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિતેલા દાયકમાં મજબૂત થયું



ઘણા નવા IIT, IIM, IIIT અને એઇમ્સની પણ સ્થાપના કરવામાં આવી છે.



2036માં ઓલિમ્પિકના આયોજનનો સંકલ્પ

દેશમાં ઝડપથી નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની રહ્યું. વધુ સારી તાલીમ અને સહાય આપી રહ્યો છે, જેથી રમતગમતને ફક્ત મનોરંજન નહીં, પરંતુ એક સારી કારકિર્દી તરીકે ગણવામાં આવે. પીએમ મોદીએ યુવાનોને કહ્યું કે દેશ 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે જોરશોરથી તૈયારી કરી રહ્યો છે. સાથે જ, 2036માં ઓલિમ્પિકનું આયોજન કરવાના મોટા સપનાને પૂરું કરવા તરફ આગળ વધી રહ્યો છે. આવનારા સમયમાં મોટા-મોટા વૈશ્વિક રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવાથી યુવાનોને એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ, ક્ષમતાઓ અને સરકારનું સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થશે.



“આજના યુવાનો ‘વિકસિત ભારત’ના vision પાછળનું પ્રેરક બળ બનવા માંગે છે. વિકસિત ભારત માટે નવા idea જોઈએ... નવા solutions જોઈએ... જેનાથી માત્ર ભારત નહીં, પરંતુ વિશ્વનું ભવિષ્ય નક્કી થશે.”

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજના યુવાનોમાં ‘વિકસિત ભારત’ના દૃષ્ટિકોણ પાછળનું પ્રેરક બળ બનવાની તીવ્ર ઇચ્છા છે. આ રાષ્ટ્રીય ધ્યેય પ્રાપ્ત કરવા માટે જરૂરી નવા વિચારો અને ઉકેલો આખરે માત્ર દેશનું ભાગ્ય જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનું ભવિષ્ય પણ ઘડશે. આજે, દુનિયા ઉકેલો શોધી રહી છે. યુવાનોમાં તે ઉકેલો પૂરા પાડવાનું સામર્થ્ય છે.

પીએમ મોદીએ યુવાનોને અપીલ કરતા કહ્યું હતું કે, કવિના પ્રખ્યાત મંત્ર, ‘અયમિલ્લાઈ, અયમિલ્લાઈ’ (નીડર, નીડર) અપનાવો. તમારા વિચારો અને સપનાં પૂરા કરવા માટે સંપૂર્ણ જોશ સાથે આગળ વધો. મોટા સપનાં જુઓ, અલગ રીતે વિચારો અને નીડર બનો. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

દેશનાં પ્રથમ

મહિલા એર માર્શલ



જન્મ: 4 નવેમ્બર 1944


ભારતીય વાયુસેનામાં 1968માં જોડાયેલા ડૉ. પદ્માવતી બંદોપાધ્યાયને ભારતનાં પ્રથમ મહિલા એર માર્શલ બનવાનું ગૌરવ મળ્યું છે. તબીબી સેવાઓ (વાયુસેના) માંથી નિવૃત્ત ડિરેક્ટર જનરલ, બંદોપાધ્યાયે લગભગ ચાર દાયકા સુધી ભારતીય વાયુસેનામાં સેવા આપી અને 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમની સેવા બદલ, તેમને વિશિષ્ટ સેવા પદકથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વધુમાં, તેઓ ઉત્તર ધ્રુવમાં વૈજ્ઞાનિક સંશોધન કરનારા પ્રથમ ભારતીય મહિલા બન્યાં. નારી સશક્તિકરણના પ્રતીક, પદ્મશ્રીથી સન્માનિત, પદ્માવતી બંદોપાધ્યાય દેશવાસીઓ, ખાસ કરીને દીકરીઓ માટે પ્રેરણાસ્રોત છે...

આંધ્રપ્રદેશના તિરુપતિમાં 4 નવેમ્બર 1944ના રોજ જન્મેલા, ડૉ. પદ્માવતી બંદોપાધ્યાયના મનમાં બાળપણથી જ ડૉક્ટર બનવાની પ્રેરણા જાગવા લાગી હતી. જ્યારે સમય આવ્યો, ત્યારે તેમણે પુણેની આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. તેમનું બીજું એક સપનું આકાશની ઊંચાઈએ આંબવાનું પણ હતું, તેથી તેઓ 1968માં ભારતીય વાયુસેનામાં જોડાયા. જ્યારે તેઓ વાયુસેનામાં જોડાયા ત્યારે વાયુસેના નામ કદાચ કોઈ પણ મહિલાના મનમાં ભાગ્યે જ આવતું હતું.

1971ના યુદ્ધ દરમિયાન, તેઓ તેમના પતિ સાથે સરહદ પર તૈનાત હતાં. ત્યાં તૈનાત લોકોમાં તેઓ એકમાત્ર મહિલા હતાં અને બંકરમાં રહેતાં હતાં. 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન તેમના સારા વર્તન બદલ તેમને વિશિષ્ટ સેવા પદક (VSM)થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. 2002માં, તેઓ એર વાઇસ માર્શલ (ટુ-સ્ટાર રેન્ક)ના પદ પર બઢતી મેળવનારા પ્રથમ મહિલા અધિકારી બન્યા. વધુમાં, તેઓ એર કોમોડોરના પદે પણ બઢતી મેળવનારા પ્રથમ મહિલા અધિકારી અને ઉત્તર ધ્રુવ પર વૈજ્ઞાનિક સંશોધન કરનારા પ્રથમ ભારતીય મહિલા પણ છે. આ ઉપરાંત, તેઓ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર પ્રથમ મહિલા અધિકારી છે.

25 જાન્યુઆરી, 2020ના રોજ, પદ્મવતી બંદોપાધ્યાયને દવાના ક્ષેત્રમાં પદ્મશ્રી એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એક સન્માન સમારંભમાં તેમને નાગરિક સન્માન પદ્મશ્રીથી સન્માનિત કર્યાં હતાં. સન્માન પ્રાપ્ત કર્યા પછી, તેમણે ભારત સરકાર, પ્રધાનમંત્રી તેમજ ગૃહમંત્રીનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેઓ હજુ પણ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ટેલિમેડિસિન દ્વારા દર્દીઓની સેવા કરી રહ્યા છે. તેઓ લગભગ 12 વર્ષથી આ કામ કરી રહ્યાં હતાં. તેઓ અઠવાડિયામાં 3 દિવસ આ કામ કરતા હતાં અને 80-100 દર્દીઓને તપાસતા હતા. આ ઉપરાંત, તેઓ શનિવાર અને રવિવારે ઘરે ગરીબ બાળકોને વિજ્ઞાન અને ગણિત શીખવતા હતા. તેમણે જણાવ્યું હતું કે તેમને લાગે છે કે તેમના આશીર્વાદને કારણે જ તેમને પદ્મશ્રી જેવું સન્માન મળ્યું છે. ■

અલવિદા
નાના પાટેકર



ભારતના તિરંગાના માન અને ગૌરવ માટે પોતાનું જીવન સમર્પિત કરનારા એક અદ્ભુત અભિનેતા નાના પાટેકરનું 8 ઓક્ટોબરના રોજ અવસાન થયું છે. અલગ-અલગ ભૂમિકાઓ દ્વારા દર્શકોનાં દિલો પર રાજ કરનારા નાના, ક્યારેય બંધનોમાં નહોતા રહ્યા પરંતુ આઝાદ પંખીની જેમ સીનેમાના આકાશમાં ઉડતા રહ્યા. તેમણે સમાજમાં પ્રવર્તતી અવ્યવસ્થા પર પણ તેમની ફિલ્મો દ્વારા તીવ્ર પ્રહારો કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ફિલ્મજગતની તમામ દિગ્ગજ હસ્તીઓ સહિત સમાનના અનેક અગ્રણીઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી...

જન્મ: 1 જાન્યુઆરી 1951
મૃત્યુ: 8 ઓક્ટોબર 2026

હિન્દી અને મરાઠી સિનેમાના પ્રખ્યાત અભિનેતા નાના પાટેકરે ઘણા દાયકા સુધી ચાલેલી ફિલ્મ કારકિર્દીમાં વિવિધ ભૂમિકાઓ દ્વારા પોતાની અલગ ઓળખ બનાવી અને સમાજ પર અમીટ છાપ છોડી છે. તેઓ એક એવા ક્રાંતિકારી હતા જેમણે દુષ્ટતા સામે લડત આપી. તેમની વાણી જેટલી ધારદાર હતી, એટલું જ તેમનું મૌન પણ પ્રભાવશાળી હતું. તેઓ રાષ્ટ્રવિરોધી તત્વોને અંકુશમાં રાખવાના સમર્થક હતા. તેમણે પરિંદા, ક્રાંતિવીર, અબ તક છપ્પન અને વેલકમ જેવી ફિલ્મોમાં આપેલા અભિનયથી વ્યાપક ઓળખ મેળવી. તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

નાના પાટેકરની નસે-નસમાં દેશની સેવા કરવાનો જુસ્સો એટલો ઊંડો હતો કે તેમણે તેમની ફિલ્મ 'પ્રહાર'ના નિર્દેશન અને અભિનય માટે ટેરિટોરિયલ આર્મીમાં ત્રણ વર્ષની આકરી સૈન્ય તાલીમ લીધી હતી. સેનાએ તેમને માનદ કેપ્ટન (અને પછી મેજર)નો હોદ્દો આપ્યો હતો. સૌથી રસપ્રદ વાત એ છે કે, 1999માં કારગિલ યુદ્ધ દરમિયાન, તેઓ ક્વિક રિએક્શન ટીમના ભાગ રૂપે 'મરાઠા લાઇટ ઈન્ફન્ટ્રી' રેજિમેન્ટ સાથે ફ્રન્ટ લાઈન પર રાષ્ટ્રની સેવા કરવા પહોંચી ગયા હતા.

> ***નાના પાટેકર જેવું ઊંડાણ, વિશિષ્ટતા અને દમદાર હાજરી બહુ ઓછા કલાકારોમાં હોય છે. તેમણે દરેક ભૂમિકામાં બહુમુખી પ્રતિભા અને સર્જનાત્મકતાનો પરિચય આપ્યો, આપણને એવાં પાત્રો આપ્યા જે પેઢીઓ યાદ રાખશે. તેમના સ્પષ્ટ અને બેફિકર વિચારો બદલ પણ તેમની પ્રશંસા કરવામાં આવતી હતી. તેમણે ક્યારેય પોતાના મનની વાત કહેવામાં સંકોચ નથી રાખ્યો.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

> ***ભારતીય સિનેમાના મહાન અભિનેતા નાના પાટેકરજીનું અવસાન કળાની દુનિયા માટે ક્યારેય પૂરાય નહીં તેવી ખોટ છે.***
>
> ***- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી***



Narendra Modi
@narendramodi

25 वर्षों का जनविश्वास मेरे लिए और अधिक ऊर्जा के साथ काम करने की प्रेरणाशक्ति है। ईश्वररूपी जनता-जनार्दन के लिए मेरा एक ही संकल्प है कि मैं देशवासियों की और अधिक सेवा करूं।

Gratitude to everyone for their blessings and wishes. What greater strength can there be than the trust and affection of 140 crore Indians?



Rajnath Singh
@rajnathsingh

देश की सुरक्षा के लिए हमारी Defence Industry की Surge Capacity और Production Capacity का मजबूत होना जरूरी है। हमारी प्रतिभा, युवा शक्ति और Policy Support हमारी ताकत हैं। सरकार हमेशा Defence Industry के साथ खड़ी है, ताकि जरूरत पड़ने पर उत्पादन तेजी से बढ़ाया जा सके और देश हर चुनौती के लिए तैयार रहे।



Amit Shah @AmitShah

मोदी सरकार में सहकारिता ग्रामीण अर्थव्यवस्था व महिला सशक्तिकरण का सशक्त माध्यम बन रही है। चाहे क्षेत्र क्रांति 2.0 की शुरुआत हो या PACS को बहुउद्देश्यीय बना डेयरी से जोड़ना हो, सहकारिता का सबसे बड़ा लाभ सहकारी डेयरी क्षेत्र को मिल रहा है।

आज भोपाल में आयोजित राज्य स्तरीय गोपालक सम्मेलन में प्रदेशभर से आए पशुपालकों से संवाद किया। इस अवसर पर गोपालक रीढ़ियों का सम्मान किया, डॉ. भीमराव अंबेडकर कामधेनु योजना के तहत लाभ वितरित किए तथा मोरवन प्रोजेक्ट के अंतर्गत नगर वन विकसित करने के लिए KRIBHCO एवं मध्य प्रदेश राज्य जैवविविधता बोर्ड के बीच MOU भी हुआ।



Nitin Gadkari @nitin_gadkari

हवा में उड़नेवाली बस.. (Skybus), यह सिर्फ एक नई Transport Technology नहीं...

यह उस 🇮🇳 भारत की कल्पना है,
जहां Innovation का उद्देश्य सिर्फ गति नहीं, बल्कि जनसेवा, सुविधा और बेहतर भविष्य है।

नई सोच।
नई तकनीक।
नई ऊँचाई।
और गतिशील 🇮🇳 भारत का भविष्य - SKY BUS



Kiren Rijiju @KirenRijiju ·

SIR प्रक्रिया में 13 करोड़ वोटर कटने का दावा भ्रामक है!
प्रक्रिया के दौरान करीब 13 करोड़ नाम ड्राफ्ट स्तर पर मृत, अनुपस्थित/अप्राप्य, स्थायी रूप से स्थानांतरित या दोहरी प्रविष्टि जैसी श्रेणियों में चिह्नित किए गए हैं। इन्हें 13 करोड़ अंतिम विलोपन बताना सही नहीं है।
ड्राफ्ट सूची सभी राजनीतिक दलों के BLA के साथ साझा की गई है और पात्र मतदाताओं को दावा-आपत्ति दर्ज कराने का अवसर दिया गया है।
तथ्यों को समझें, भ्रम से बचें और लोकतांत्रिक प्रक्रिया पर विश्वास रखें।



Arjun Ram Meghwal
@arjunrammeghwal

न्यायिक प्रक्रियाओं में तेजी लाने, मामलों का समयबद्ध निस्ता सुनिश्चित करने तथा justice distribution system को अधिक प्रभावी बनाने हेतु संबंधित अधिकारियों को आवश्यक दिशा-निर्देश दिए।

#JusticeDelivery #JudicialReforms

पीएम ने महिला और बाल विकास पर राष्ट्रीय विभागीय शिखर सम्मेलन के समापन सत्र की अध्यक्षता की

महिलाओं और बच्चों की देखभाल, सुरक्षा और सशक्तिकरण पर दिया जोर, 'चिंतन शिविर' लगाकर समग्र विकास पर ध्यान दें





आंगनबाड़ियों को सशक्तिक आंगनबाड़ी का वेट बढ़ाने का आह्वान

वर्चुअल माध्यम से हुए सम्मेलन में पीएम मोदी ने आंगनबाड़ी केंद्रों को सशक्त करने, पोषण ट्रैकर का उपयोग बढ़ाने और बच्चों को हर हाल में प्रोत्साहित करने पर जोर दिया।

मेट्रो कनेक्टिविटी, हाईवे में सुधार और पोर्ट इंफ्रास्ट्रक्चर की 13 हजार करोड़ की परियोजनाओं की देंगे सौगात



पीएम मोदी का तमिलनाडु दौरा आज

'ग्लूमकर्ग न्यू इकॉनॉमी फोरम' में प्रधानमंत्री बोले- हम दुनिया को स्थिरता का संदेश दे रहे

भारत वैश्विक चुनौतियों के बीच मजबूती से आगे बढ़ रहा : मोदी

भरोसा



प्रवासी भारतीयों को संबोधित करते प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि विश्व के कई हिस्सों में युद्ध हो रहे हैं।

प्रवासी भारतीयों से मुलाकात की 'अनूठी' परंपरा को पीएम मोदी ने कायम रखा

कनाडा के पीएम कार्नी से पीएम मोदी की द्विपक्षीय संबंधों पर हुई चर्चा



पीएम मोदी व कनाडाई पीएम मार्क कार्नी।

युवाओं के कौशल को पीएम ने किया सलाम, हंसे-बतियाए और खिलाई मिठाई



'शिक्षितियों के स्वास्थ्य पर अधिक ध्यान दें'

पीएम से मिले उज्बे, रक्षित मेहर की मुलाकात बनाने पर हुई चर्चा

લોક સેવા પ્રસારણ દિવસ – 12 નવેમ્બર

જનજાગૃતિ, લોકશાહી અને સંવાદની ગૌરવશાળી યાત્રા

લોક સેવા પ્રસારણ દિવસ 1947માં 12 નવેમ્બરના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા આકાશવાણીના માધ્યમથી આપવામાં આવેલા ઐતિહાસિક ભાષણની યાદમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. વર્ષ 2000માં, તત્કાલીન માહિતી અને પ્રસારણ મંત્રી સુષમા સ્વરાજે જાહેરાત કરી હતી કે આ ખાસ દિવસને લોક સેવા પ્રસારણ દિવસ તરીકે ઉજવવામાં આવશે. ત્યારથી, આકાશવાણી ભવનમાં દર વર્ષે વિશેષ કાર્યક્રમો અને આયોજનો સાથે આ દિવસ ઉજવવામાં આવે છે...

વિસ્થાપિત લોકોને બાપુએ સંબોધિત કર્યા

- તે ઐતિહાસિક દિવસે, બાપુએ ભાગલાની પીડા ભોગવી રહેલા અને કુરુક્ષેત્રમાં આશ્રય લેનારા વિસ્થાપિત લોકોને સંબોધિત કર્યા હતા.
- તેમના સંદેશની યાદમાં, તે સ્ટુડિયો હવે 'બાપુ સ્ટુડિયો' તરીકે ઓળખાય છે.
- આ પ્રસંગે, આકાશવાણી અનેક કાર્યક્રમોનું આયોજન કરે છે અને બાપુના પ્રિય ભજનો પણ રજૂ કરે છે.





"જ્યારે મેં સાંભળ્યું કે તમારી વચ્ચે લગભગ અઢી લાખ શરણાર્થીઓ છે અને મેં સાંભળ્યું કે હજુ પણ લોકો આવી રહ્યા છે, ત્યારે મને ખૂબ જ દુઃખ થયું... મને ઠેસ પહોંચી અને મને અહેસાસ થયો કે હું તમારી પાસે પહોંચી જઉં.

- મહાત્મા ગાંધી (આકાશવાણી પર 12 નવેમ્બર 1947ના રોજ સંબોધન)

ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

આર.એન.આઈ., DELGUJ/2020/78812, 1-15 નવેમ્બર, 2026

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 22 સપ્ટેમ્બર 2026, કુલ પાના-64)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી- 110003 થી પ્રકાશિત